આગ સુરક્ષા પરની પુસ્તિકાની શ્રેણી

# રહેણાંક ઇમારતો

રહેણાંક ઇમારતો (Residential Buildings) માટે આગ નિવારણ (Fire prevention), જીવન સુરક્ષા (Life safety) અને આગ સંરક્ષણ (Fire protection) ની પાયાની માર્ગદર્શિકા



GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE

Directorate of State Fire Prevention Services,
Government of Gujarat

આગ સુરક્ષા પરની પુસ્તિકાની શ્રેણી

# રહેણાંક ઇમારતો

રહેણાંક ઇમારતો (Residential Buildings) માટે આગ નિવારણ (Fire prevention), જીવન સુરક્ષા (Life safety) અને આગ સંરક્ષણ (Fire protection) ની પાયાની માર્ગદર્શિકા



GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE

सत्यमेव जयते
Directorate of State Fire Prevention Services,
Government of Gujarat

GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE

## આગ સુરક્ષા પરની પુસ્તિકાની શ્રેણી

**રહેણાંક ઇમારતોઃ** રહેણાંક ઇમારતો (Residential Buildings) માટે આગ નિવારણ (Fire prevention), જીવન સુરક્ષા (Life safety) અને આગ સંરક્ષણ (Fire protection) ની પાયાની માર્ગદર્શિકા

**પ્રકાશકઃ**

ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાન

**ગાંધીનગર ૩૮૨૦૦૭**

માર્ચ- ૨૦૨૨

ISBN No.



**ડિસ્ક્લેમરઃ** આ પુસ્તિકા રહેણાંક ઇમારતો માટે આગ સલામતીની જરૂરિયાતો પર મૂળભૂત માહિતી આપવા માટે તૈયાર કરવામાં આવી છે. આમ છતાં, આ પુસ્તિકા ગુજરાત આગ નિવારણ અને જીવન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ અથવા ગુજરાત આગ નિવારણ અને જીવન સુરક્ષા નિયમો, ૨૦૧૪ અથવા ગુજરાત આગ નિવારણ અને જીવન સુરક્ષા વિનિયમો અથવા સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમન અથવા અન્ય કોઈપણ લાગુ પડતાં ભારતીય ધોરણો/ સંહિતાની આદેશાત્મક જોગવાઈઓનું સ્થાન લેશે નહીં. આ પુસ્તિકાને અનુરૂપ રહેણાંક અધિકારની પરિસ્થિતિમાં ઇમારત અથવા માળખાનો ઉપયોગ કરતી વ્યક્તિઓની સલામતી માટેની અન્ય જોગવાઈઓની જરૂરિયાતને દૂર અથવા ઓછી કરવા તરીકે અર્થઘટન કરી શકાશે નહીં.

# સંદેશ



આગ એ કોઈપણ વ્યક્તિ અને મિલકત માટે ગંભીર ખતરો છે. બહુમાળી રહેણાંક ઇમારતોમાં બહાર નીકળવાનો લાંબો સમય અને અંતર, ધુમાડાની અવજવર અને અગ્નિ નિયંત્રણ, ઈવાક્યુએશન પ્લાનનો અભાવ, ફાયર વિભાગની સુલભતા વગેરે જેવા અનોખા પડકારો રજૂ કરે છે. તેથી, રહેણાંક/એપાર્ટમેન્ટ ઇમારતોના રહેવાસીઓએ અગાઉથી વિચારવું જોઇએ અને આગની ઘટનામાં તૈયાર રહેવું જોઈએ. ઇમારતમાં આગ નિવારણ, જીવન સલામતી અને અગ્નિ સુરક્ષાની વિશેષતાઓ જાણવી મહત્વપૂર્ણ છે અને ઇમારતને શક્ય તેટલી અગ્નિ-સુરક્ષિત રાખવામાં મદદ કરવા પડોશીઓએ સાથે મળીને કામ કરવું જોઇએ.

આ પુસ્તિકા તૈયાર કરવાનો ઉદ્દેશ્ય રહેણાંક ઇમારતો/ પરિસરમાં અમલમાં મુકવામાં આવનારા મૂળભૂત અગ્નિ સલામતીનાં પગલાં વિશે રહેણાંક ઇમારતો અને ઇજનેરો/આર્કિટેક્ટ સાથે સીધા જ સંબંધિત તમામ હિતધારકોના જ્ઞાનમાં વધારો કરવાનો છે. પુસ્તિકા બે ભાગમાં એટલે કે ‘ભાગ ક’ અને ‘ભાગ ખ’ માં વહેંચાયેલી છે. પુસ્તિકાનો ‘ભાગ ક’ આગ સલામતી ખ્યાલોની મૂળભૂત સમજ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુસ્તિકાના ‘ભાગ ખ’ માં ઇજનેર/આર્કિટેક્ટ્સે રહેણાંક ઇમારતો/ પરિસરમાં ધ્યાનમાં લેવાની જરૂર હોય એવા આગ નિવારણ, જીવન સલામતી અને આગ સુરક્ષાના પગલાંનો સમાવેશ થાય છે.

શ્રી સ્નેહાંશુ ચૌધરીએ મુસદ્દો તૈયાર કરવામાં તેમના સમર્થન અને સહકાર બદલ અને સ્ટેટ ફાયર પ્રીવેન્શન સર્વીસના નિયામક શ્રી કે. કે. બિશ્નોઇ અને શ્રી અભય પુરંદરે વિવિધ મુસદ્દાને ધૈર્યપૂર્વક વાંચવા અને રચનાત્મક ટીકા, માર્ગદર્શન અને સૂચનો આપવા બદલ ખુશી વ્યક્ત કરતા આનંદની લાગણી થાય છે.

છેલ્લે, આ પુસ્તિકા તૈયાર કરવા માટે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાનની ટીમ ખાસ કરીને, શ્રી નિસર્ગ દવે, શ્રી પિયુષ રામટેકે, શ્રી હિમાલય કોટડિયા અને શ્રીમતી શિલ્પા બોરીચાએ કરેલા પ્રયાસો ખૂબ પ્રશંસાપાત્ર છે. હું આશા રાખું છું કે આ પુસ્તિકાથી તમામ હિતધારકોને ખૂબ જ ફાયદો થશે. વધુમાં, કે આ દિશામાં આગ નિવારણ, જીવન સલામતી અને આગ સંરક્ષણની સંસ્કૃતિના નિર્માણ અને સર્જનમાં સંયુક્ત પ્રયાસો મદદરૂપ થશે અને પરિણામે એક પ્રતિકારક સમાજ અને રાષ્ટ્ર તરફ દોરી જશે એવી મને ખાતરી છે.

**માર્ચ, ૨૦૨૨**
**ગાંધીનગર**

**(પી. કે. તનેજા)**
**મહાનિયામક, જીઆઈડીએમ**

# ભાગ- ક

## આગ કેવી રીતે લાગે છે?

ગરમી, બળતણ અને ઓક્સિજન એ ત્રણ વસ્તુથી આગ લાગે છે. આ ત્રણ તત્વો આગ શરૂ કરવા માટે એકસાથે કામ કરે છે. અગ્નિ ત્રિકોણમાં બળતણ એ પ્રથમ ઘટક છે. આગને બળવાનું ચાલુ રાખવા માટે બળતણના સ્ત્રોતની જરૂર પડશે. રહેણાંક પરિસરમાં સુતરાઉ અને પોલિએસ્ટર કાપડા, પથારી, વીજળી સાધનો, સફાઈ રસાયણો, રસોઈ તેલ, મીણબત્તીઓ, કચરાપેટી વગેરે સરળતાથી મળી આવતા ઇંધણો છે. આગને જરૂર હોય એવું બીજું આવશ્યક ઘટક ગરમી છે. જ્યાં સુધી મોટા પ્રમાણમાં ગરમી સામેલ ન હોય ત્યાં સુધી આગ શરૂ થતી નથી કે ફેલાઈ પણ શકતી નથી. એટલા માટે જ મોટાભાગની આગના સ્ત્રોતને ઠંડુ કરવા માટે આગમાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. છેલ્લે, ત્રીજી વસ્તુ જે જરૂરી છે તે છે ઓક્સિજન. ઓક્સિજન આપણી આસપાસની હવામાં છે. તેથી ત્રણેય વસ્તુઓ જ્યારે એક સાથે આવે છે ત્યારે તે આગનું કારણ બને છે.




અગ્નિ ત્રિકોણ (Fire Triangle)

જો વસ્તુને બાળવા માટે આપણને આગને આ બધી વસ્તુઓ પૂરી પાડીએ, તો આપણે આગ કેવી રીતે બુઝાવશું? આપણે આ ત્રણમાંથી ફક્ત એક વસ્તુને દૂર કરીએ, તો આગ બુઝાઇ જશે.

## આગ પ્રકારો

ભારતીય માનક બ્યુરો IS:૧૫૬૮૩:૨૦૧૮ મુજબ, આગના પાંચ પ્રકારો છે, જેવા કે:

- **વર્ગ 'એ' આગ:** જ્વલનશીલ કપડાં, ચાદર, પડદા, કાગળ, પ્લાસ્ટિક વગેરે જેવી કાર્બનિક પ્રકારની ઘન જ્વલનશીલ સામગ્રીઓથી લગતી આગ,
- **વર્ગ 'બી' આગ:** સેનિટાઈઝર, ડીઝલ, પેટ્રોલ, પ્રયોગશાળાના રસાયણો વગેરે જેવા જ્વલનશીલ પ્રવાહીથી લાગતી આગ,

- **વર્ગ સી આગ:** એલપીજી[1] વગેરે જેવા દબાણ હેઠળ પ્રવાહીકૃત વાયુઓ સહિત જ્વલનશીલ વાયુઓને લગતી આગ,
- **વર્ગ ડી આગ:** મેગ્નેશિયમ, એલ્યુમિનિયમ, જસત, સોડિયમ, પોટેશિયમ વગેરે જેવી જ્વલનશીલ ધાતુઓને લગતી આગ,
- **વર્ગ એફ આગ:** રસોઇ તેલ અને ચરબીથી લાગતી આગ. આ આગની વિશેષતા એ છે કે આ પ્રવાહીનું ઉત્કલન બિંદુ ખૂબ ઊંચું (૨૦૦ સે. કરતા વધારે) અને જેમ જેમ ગરમ કરેલું તેલ આ તાપમાને પહોંચે છે, ત્યારે પાણીનો ઉપયોગ કરી શકાતો નથી કારણ કે તે વરાળમાં રૂપાંતરિત થાય છે. અને બળતા તેલના છાંટા ઊડે છે અને આગમાં વધે છે.

આગના પ્રકારો સામે લડવા વિવિધ પ્રકારના અગ્નિશામકો (fire extinguishers) બનાવવામાં આવ્યા છે. અગ્નિશામકના ડ્રાય કેમિકલ ટાઇપ, ફોમ ટાઇપ, વોટર પાઇપ, $CO_2$ (કાર્બન ડાયોક્સાઇડ) એમ ચાર સૌથી સામાન્ય પ્રકારો છે. નીચેની આકૃતિ આગના પ્રકાર અને કયા અગ્નિશામકનો ઉપયોગ કરવો તે અંગેની માહિતી આપે છે. IS ૧૫૬૮૩ ની જરૂરિયાતોને અગ્નિશામક ઉપકરણો ગોઠવવા જોઈએ.

| Type / Fire Type / Extinguisher Type | Class A<br>Organic Materials<br>(e.g Paper & Coal) | Class B<br>Flammable Liquids<br>(e.g Petrol & Paint) | Class C<br>Flammable Gases<br>(e.g Butane & Methane) | Class D<br>Combustible Metals<br>(e.g Lithium & Magnesium) | Electrical<br>Electrical Equipment<br>(e.g Computers & Servers) | Class F<br>Cooking Oils<br>(e.g Olive Oil & Fat) |
|---|---|---|---|---|---|---|
| Water | ✓ | ✗ | ✗ | ✗ | ✗ | ✗ |
| Foam | ✓ | ✓ | ✗ | ✗ | ✗ | ✗ |
| Dry Powder | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✗ |
| CO2 | ✗ | ✓ | ✗ | ✗ | ✓ | ✗ |
| Wet Chemical | ✓ | ✗ | ✗ | ✗ | ✗ | ✓ |

આગના પ્રકારો અને યોગ્ય અગ્નિશામક સાધનો

[1] પાઇપ નેચરલ ગેસ - એલપીજીના વિકલ્પ તરીકે રહેણાંક મકાનોના રસોડામાં વપરાય છે.

**આગ બુઝાવવાના સિદ્ધાંતોમાં** નીચેના ત્રણ ઘટકોમાંથી એકનો સમાવેશ થાય છે:

**૧. તીવ્ર અછત (Starvation)**: તીવ્ર અછત ત્રણ રીતે મેળવાય છે:

1. આગની પાસે રહેલા સંભવિત એટલે કે બળતી ભઠ્ઠીમાંથી બળતણ કાઢી નાખવું, જંગલની આગમાં વિરૂદ્ધ દિશામાં બળતણને દૂર કરીને વગેરે.
2. જ્વલનશીલ જથ્થામાંથી આગને દૂર કરીને, દાખલા તરીકે સળગતી ઘાસની ગંજીથી અલગ ખેંચીને.
3. વધુ સરળતાથી ઓલવી શકાય તે માટે સળગતી વસ્તુને નાની અગ્નિમાં ફેરવીને દૂર કરી શકાય છે.




**૨. ઢાંકવું (Smothering)**: આ રીતમાં, રેતી, ધાબળા, અથવા ડ્રાય કેમિકલ અગ્નિશામકનો ઉપયોગ કરીને આસપાસના વાતાવરણના ઓક્સિજનને દૂર રાખવામાં આવે છે, જેનાથી આગ ઓલવવામાં આવે છે.




**૩. ઠંડક(Cooling)**: સૌથી વધુ ઉપયોગમાં લેવાતું આગ બુઝાવવાનું માધ્યમ પાણી છે. પાણી સળગતી વસ્તુને ઠંડી કરે છે, જે આગ બુઝાવવાનું કામ કરે છે. જ્યારે તેને અગ્નિશામક માધ્યમ તરીકે નાખવામાં આવે છે, ત્યારે આગમાંથી ગરમી શોષી લઇને (૧) પાણીનું તાપમાન વધશે, (૨) તે બાષ્પીભવન (ઉકળવા) થશે.




વધુમાં, ઉકળવાની પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતી વરાળની હવા Smothering જેવી અસર કરી આગ બુઝાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## રહેણાંક ઇમારતોમાં આગ ક્યારે લાગે છે?

બહુમાળી અથવા એક માળની ઇમારતોમાં જુદી જુદી વય જૂથના વસાહતીઓ મોટી સંખ્યામાં સાથે હોય છે. આગના સૌથી સામાન્ય કિસ્સાઓ નીચે મુજબ છે;

- શયનખંડ / બેઠક ખંડમાં ઝડપથી આગ પકડી શકે અને સળગી જાય એવી પથારી, સુતરાઉ અને પોલિએસ્ટર કાપડ જેવી જ્વલનશીલ વસ્તુઓ હોય છે;
- રહેણાંક ઇમારતોમાં રસોડા આવેલા હોય છે. આ રસોડામાં LPG સિલિન્ડર અથવા PNG પાઇપલાઇન કનેક્શન હોય છે. એલપીજી અને પીએનજી ગેસ જ્યારે સળગતા સ્ત્રોતના સંપર્કમાં આવે છે ત્યારે તે સરળતાથી સળગે છે;
- છાત્રાલયોમાં કપડા ધોવાનો રૂમ હોય છે, જેમાં ધોવાનાં સાધનો અને સૂકવવાનો ઉપયોગ થાય છે. સુતરાઉ કાપડની પથારી, કપડાં વગેરે કપડા ધોવાના રૂમમાં રાખવામાં આવે છે જે આગના જોખમો વધારે છે;
- રહેણાંક ઇમારતોમાં ખામીયુક્ત વીજળીકરણ અથવા તૂટેલા વાયર વીજળી શોર્ટ સર્કિટનું કારણ બની શકે છે. સામાન્ય રીતે, આધુનિક બાંધકામોમાં, આ વાયરોને છુપાવવામાં આવે છે અને ઘણી વખત આગના સાચા સ્ત્રોતને શોધવાનું મુશ્કેલ બની જાય છે.

## રહેણાંક ઇમારતોને આગ અને માનવ હાનિથી કેવી રીતે સુરક્ષિત કરી શકાય?

- રહેણાંક ઇમારતોમાં સમયાંતરે આગ અભ્યાસ (fire drill) હાથ ધરવો જોઇએ. fire drill વસાહતીઓને આગની પરિસ્થિતિમાં તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓને સમજવામાં મદદ કરે છે.
- આગની પરિસ્થિતિમાં આગમાંથી બહાર નીકળવાનો મૂળ રસ્તો (Fire exit) છે. આગમાંથી બહાર નીકળવાના રસ્તાનું નિયમિતપણે નિરીક્ષણ કરવું જોઈએ. દાદરા, દરવાજા અડચણરૂપ નથી અને યોગ્ય રીતે કામ કરે છે તેની ખાતરી કરવી જોઇએ.
- ઇમારતના વસાહતીઓને નિયમિત આગ અભ્યાસની તાલીમ આપવી જોઈએ આગ અભ્યાસની દરમિયાન આગ ચેતવણીનો પ્રતિભાવ કેવી રીતે આપવો તે અંગે વસાહતીઓને તાલીમ આપવી જોઈએ.
- આગની પરિસ્થિતિમાં આગ બુઝાવવાના સાધનો સરળતાથી ઉપલબ્ધ હોવા જોઈએ. આગ બુઝાવવાના સાધનોના સ્થળની જાણકારી હોવી જોઈએ અને ઇમારતના વસાહતીઓને આગ બુઝાવવાના સાધનો, મેન્યુઅલ કોલ પોઇન્ટ, સ્મોક ડિટેક્ટરના સ્થાનની જાણકારી હોવી જોઈએ.



- રહેણાંક ઇમારતની બહાર ભેગા થવાનું સ્થળ (assembly point) નક્કી કરવું જોઈએ. ઇમારતમાં રહેતા તમામ વસાહતીઓને ભેગા થવાનું સ્થળ (assembly point) અને ત્યાં સુધી પહોંચવાના માર્ગની જાણકારી હોવી જોઈએ.
- ફાયર ફાઇટીંગ સિસ્ટમ, ફાયર એલાર્મ સિસ્ટમ એ આગ ઓલવવાનું અને વસાહતીઓને ચેતવણી આપવાના સાધનો છે. તેનું નિયમિતપણે નિરીક્ષણ, જાળવણી અને પરીક્ષણ કરવું જોઈએ.
- રસોઈ ફક્ત રસોડામાં જ થવી જોઈએ. અન્ય કોઈ સ્થાનને રસોઈ વિસ્તાર તરીકે ઉપયોગ જોઈએ નહીં.
- રહેણાંક ઇમારતમાં સામાન્ય કામકાજ અને ઉપયોગ માટે જરૂરી હોય તે સિવાય રહેણાંક ઇમારતમાં કોઈપણ પ્રકારની જ્વલનશીલ વસ્તુઓનો સંગ્રહ કરવો જોઈએ નહીં.
- કપડા ધોવાનું કામ પણ રહેણાંક ઇમારતનો એક ભાગ છે. કપડા ધોવાની જગ્યાએ કપડાં, પલંગની ચાદર વગેરે હોય છે જે ધોવાઇ જાય છે અને પછી સૂકવવામાં આવે છે. ડ્રાયર્સથી સામગ્રીને વધુ ગરમ ન થાય તે માટે કપડા ધોવાની જગ્યાએ પૂરતી કાળજી લેવી જોઈએ. કપડા ધોવાની જગ્યાએ છૂટક વીજળીકરણ હોવું જોઈએ નહીં.

- ઘરોમાં અગરબત્તીનો ઉપયોગ કરતી વખતે સુતરાઉ અને પોલિએસ્ટર કાપડ અગરબત્તીની નજીકમાં ન હોય તેની ખાતરી કરવી.
- દીવાસળી અને દીવાસળીની પેટી બાળકોની પહોંચથી દૂર રાખવી. તેઓ બેદરકારીપૂર્વક દીવાસળી અને દીવાસળીની પેટીથી રમી શકે છે.
- ગેસ સિલિન્ડર અને ગેસ પાઇપલાઇનના વાલ્વના રેગ્યુલેટરને હંમેશા યોગ્ય રીતે બંધ કરવા અને હંમેશા માન્ય રબર પાઇપનો ઉપયોગ કરવો અને હલકી પાઇપલાઇનનો ઉપયોગ કરવો નહીં.
- ગેસના સ્ટવની નજીક કોઈપણ જ્વલનશીલ પ્રવાહી ક્યારેય રાખવું નહીં. ગરમ ગેસ સ્ટવની હાજરીમાં જ્વલનશીલ પ્રવાહી સરળતાથી આગ પકડી શકે છે.
- ઇમારતોની અંદર ધૂમ્રપાન કરવું નહીં, સિગારેટના ઠુંઠા ઇમારતોની અંદર  રહેલા દહનશીલ અને જ્વલનશીલ વસ્તુઓને સરળતાથી સળગાવી શકે છે.
- ઇમારતોમાં ફટાકડાનો સંગ્રહ કરશો નહીં. તેઓ સરળતાથી સળગાવી શકે છે અને ઈમારતોમાં અલગ-અલગ જગ્યાઓમાં સરળતાથી આગ ફેલાવી શકે છે.
- વેન્ટિલેટર અને એર કંડિશનરની સમયાંતરે સર્વિસ કરવી જોઈએ. સર્વિસ કર્યા વિનાના વેન્ટિલેટર અને એર કંડિશનર આગનું કારણ બની શકે છે.
- રહેણાંક એકમોની અંદરના વિદ્યુત પોઇન્ટોની સમયાંતરે સર્વિસ કરવી જોઈએ. સર્વિસ કર્યા વિનાના વિદ્યુત પોઇન્ટો શોર્ટ સર્કિટ અને આગ લગાડી શકે છે.
- વીજળીકરણ અને વીજળી જોડાણો માટે ELCB અને MCB નો ઉપયોગ થવો જોઈએ. ELCB અને MCB ની ટ્રીપ વધારે લોડની સ્થિતિમાં, તેથી તેઓ વિદ્યુત ઉપકરણમાં ઓવરહિટીંગ અને આગને અટકાવે છે.
- જ્યાં પણ પાણી છંટકાવ પ્રણાલીઓ કોડ અને ધોરણોની આવશ્યકતાઓને અનુરૂપ આપેલ હોય ત્યાં તેની સમયાંતરે સર્વિસ કરવી જોઈએ.
- જ્યાં પણ ઇમારતો માટે સેન્ટ્રલ AC ની જોગવાઈ હોય ત્યાં વેન્ટિલેટર અને ફિલ્ટરને સમયાંતરે સર્વિસ કરવી જોઈએ અને તાજી હવાનો પ્રવેશ છતના સ્તરેથી હોવો જોઈએ.
- રહેણાંક ઇમારતોમાં હંમેશા યોગ્ય રીતે કાર્યરત ફાયર એલાર્મ સિસ્ટમ હોવી જોઈએ. ફાયર એલાર્મ સિસ્ટમ કાયદા / ધોરણોમાં ઉલ્લેખિત આવશ્યકતાઓને અનુરૂપ હોવી જોઈએ.
- ઈમારતો માટે નિયમિત થર્ડ પાર્ટી ચકાસણી થવી જોઈએ. આનાથી રહેણાંક ઇમારતોમાં અપનાવાતી અદ્યતન પ્રણાલીઓ/પ્રથાઓમાં સુધારાના ક્ષેત્રોને સમજવામાં મદદ કરે છે.
- આગ નિવારણ, અગ્નિ સુરક્ષા અને જીવન સુરક્ષા પ્રણાલીની રચના કરતી વખતે તે સંબંધિત કાયદાકીય જરૂરિયાતોને પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવું જોઈએ.
- જો જરૂરી હોય તો, સ્થાનિક ફાયર ઓથોરિટી પાસેથી ઇમારતનું ફાયર સેફ્ટી સર્ટિફિકેટ (FSC) મેળવવાની ખાતરી કરવી.

## આપના ઘરમાં આગ લાગે તો શું કરવું?



- જો તમે આગને ઓલવી શકતા હોવ તો તેને સંપૂર્ણપણે ઓલવી દો.




- જો તમે આગ ઓલવી ન શકતા હોવ, તો સલામત સ્થળે દોડી જાવ અને ૧૦૧ ડાયલ કરીને નજીકના ફાયર સ્ટેશનને ચેતવણી આપો.




- જો તમારા કપડાને આગ લાગી હોય, તો-
    - થોભો – તમે જ્યાં હોવ ત્યાં;
    - આડા પડી જાઓ – જમીન પર;
    - આળોટો – તમારા મોં ને ઢાંકી દો અને જ્વાળાઓ બંધ ન થાય ત્યાં સુધી આગળ અને પાછળ આળોટ્યા કરો.



- એકવાર આગ ઓલવાઈ જાય પછી દાઝી ગયેલી ચામડીને પાણીથી ઠંડુ કરવાનું યાદ રાખો અને તબીબી સહાય મેળવો.




- આગમાંથી બહાર નીકળતી વખતે, તમારી પાછળના દરવાજા બંધ કરો.




- જો દરવાજા બંધ હોય અને હેન્ડલ્સ ગરમ હોય, તો આવા દરવાજા ખોલશો નહીં.



- એકવાર તમે બહાર આવો ત્યારે મીટિંગ સ્થળ અથવા ભેગા થવાના સ્થળ (એસેમ્બલી પોઇન્ટ ) પર જાઓ

# ભાગ- ખ

## ભાગ- ખ

## પૃષ્ઠભૂમિ:

પુસ્તિકાનો ભાગ-ખ ડેવલપર/આર્કિટેક્ટ/ઈજનેર/ડિઝાઈનર્સને રહેણાંક ઇમારતના બાંધકામ દરમિયાન કયા પગલાં લેવાં જોઈએ તેની મૂળભૂત માહિતી આપે છે. રહેણાંક ઇમારતમાં ખાસ કરીને વિવિધ વય જૂથના વસાહતીઓને આગ સલામતીના વિશિષ્ટ પડકારો હોય છે, જેનું રહેણાંક ઇમારતોના બાંધકામ/ ડિઝાઇનની શરૂઆતમાં જ ધ્યાનમાં લેવાની જરૂર હોય છે. આ વિભાગને ત્રણ પેટા ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે એટલે કે અગ્નિ નિવારણ, જીવન સલામતી અને અગ્નિ સુરક્ષાના પગલાં જે રહેણાંક જગ્યામાં લેવા/ગોઠવવા કરવા જરૂરી છે. વધુમાં, રાષ્ટ્રીય ભવન સંહિતા (NBC) ૨૦૧૬, ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા અધિનિયમ, નિયમો અને વિનિયમો, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (GDCR) અને વિવિધ ભારતીય માનક બ્યુરો (BIS) ની જરૂરિયાતો વાંચવી જરૂરી છે, કારણ કે આ પુસ્તિકા જરૂરિયાતો માત્ર આગ સલામતીની એક ઝાંખી પૂરી પાડે છે.

## રહેણાંક ભોગવટાનું વર્ગીકરણ:

રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ માં સંસ્થાકીય કામકાજને જૂથ 'એ' તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ ઇમારતોનો ઉપયોગ સામાન્ય રહેણાંક, રસોઈ બનાવવી અથવા જમવાની અથવા બંને સુવિધાઓ સાથે અથવા તે સિવાય સૂવાના હેતુ માટે થાય છે. જૂથ 'એ' હેઠળની ઇમારતોને નીચે પ્રમાણે પેટાવિભાજિત કરવામાં આવી છે:

**પેટા વિભાગ[2]**

**એ-૧: પેટાવિભાગ એ-૧ આવાસ અને ભોજનાલય[3]** - આમાં એક જ માલિકી હેઠળની કોઈપણ ઇમારત અથવા ઇમારતોના જૂથનો સમાવેશ થાય છે, જેમાં પ્રવાસી અથવા કાયમી ધોરણે અલગ સૂવાના ઓરડા, જમવાની સુવિધા સાથે અથવા તેના વગર પરંતુ પ્રવાસીઓ માટે રસોઈની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આમાં ધર્મશાળાઓ, ક્લબ્સ, મોટેલ્સ અને ગેસ્ટ હાઉસનો સમાવેશ થાય છે.

---

[2] રહેણાંક ભોગવટો પેટાવિભાગ, ભોગવટાના ઉપયોગ પર આધારિત છે. આ પેટાવિભાગ NBC ૨૦૧૬ (ભાગ-૪) જરૂરિયાતો પર આધારિત છે

[3] આવાસ અને ભોજનાલયને પેટાવિભાગ એ-૨ માં રહેઠાણ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે, જો તેના કોઈપણ ખાનગી રહેઠાણ એકમોમાં કોઈ રૂમ ત્રણ કરતાં વધુ વ્યક્તિઓને ભાડે આપવામાં ન આવે.

**એ-૨: એ-૨: પેટાવિભાગ એ-૨ - એક કે બે કુટુંબ ખાનગી રહેઠાણ** - આમાં કોઈપણ ખાનગી રહેઠાણનો સમાવેશ થાય છે, જેમાં એક અથવા બે પરિવારના સભ્યોનો કબજો હોય અને કુલ ૨૦ થી વધુ વ્યક્તિઓ માટે સૂવાના આવાસો હોય. જો ખાનગી રહેઠાણમાં કુટુંબ સિવાયના લોકોને ભાડે આપવામાં આવે છે, તો તે રૂમ દીઠ ત્રણ કરતાં વધુ વ્યક્તિઓને રહેવા માટે રહેશે નહીં.

જો કોઈપણ એક રહેણાંક મકાનમાં ૨૦ થી વધુ વ્યક્તિઓ માટે સૂવા માટે આવાસ આપવામાં આવે છે, તો તેને યથા પ્રસંગ પેટાવિભાગ એ-૧ અથવા પેટાવિભાગ એ-૪ માં મકાન તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

**એ-૩: પેટાવિભાગ એ-૩ સમૂહ શયનગૃહ** - આમાં એવી કોઈપણ ઇમારતનો જેમાં એક જ પરિવારના સભ્યો ન હોય તેવા વ્યક્તિઓ માટે જમવાની સગવડ સાથે અથવા તેના વગર, એક જ રૂમમાં અથવા સંયુક્ત કબજા હેઠળના અને એક માલિકના નજીકથી સંકળાયેલા રૂમની હારમાળા ઉદાહરણ તરીકે, શાળામાં અને કોલેજના શયનગૃહો, વિદ્યાર્થીઓ અને અન્ય છાત્રાલયો અને લશ્કરી બેરેકમાં સમૂહ સૂવા માટે આવાસ આપવામાં આવે તેનો સમાવેશ થાય છે.

**એ-૪: પેટાવિભાગ એ-૪ એપાર્ટમેન્ટ આવાસો** - આમાં એવી કોઈપણ ઇમારત અથવા માળખાનો જેમાં ત્રણ કે તેથી વધુ પરિવારો માટે રહેવાના ક્વાર્ટર આપવામાં આવ્યા હોય, એકબીજાથી સ્વતંત્ર રીતે રહેતા હોય અને સ્વતંત્ર રસોઈ સુવિધાઓ હોય, ઉદાહરણ તરીકે, એપાર્ટમેન્ટ હાઉસ, હવેલીઓ અને ચાલીનો સમાવેશ થયેલ હોવો જોઇએ.

**એ-૫: પેટાવિભાગ એ-૫ હોટેલો** - આમાં એક જ માલિકી હેઠળની કોઈપણ ઇમારત અથવા ઇમારતોના જૂથ જેમાં ચાર તારક કક્ષા સુધી વર્ગીકૃત હોટલ માટે જમવાની સુવિધા સાથે અથવા તેના વગર સૂવા માટે આવાસ આપવામાં આવે તેનો સમાવેશ થાય છે.

**એ-૬: એ-૫ સ્ટાર હોટેલો** - આમાં એક જ માલિકી હેઠળની કોઈપણ ઇમારત અથવા ઇમારતોના જૂથ જેમાં ચાર સ્ટાર કેટેગરી સુધી વર્ગીકૃત હોટલ માટે જમવાની સુવિધા સાથે અથવા તેના વગર સૂવા માટે આવાસ આપવામાં આવે તેનો સમાવેશ થાય છે.

સંયુક્ત[4] ભોગવટાના કિસ્સામાં, એટલે કે વેપારી કબજામાં રહેણાંક મકાનો વગેરે સમગ્ર કબજા/ઇમારતની સમગ્ર આગ સલામતી સંહિતાની સૌથી પ્રતિબંધિત જોગવાઈથી સંચાલિત હોવી જોઈએ. જીવન સલામતીની જોગવાઈ જોકે વ્યક્તિગત વ્યવસાય પર લાગુ થવી જોઈએ.

[4] ઇમારતોમાં રહેણાંક, વ્યવસાય વગેરે જેવા એક કરતાં વધુ પ્રકારના કબજા હોય છે

# પ્રકરણ-૧: આગ નિવારણના પગલાં (Fire Prevention Measures)

રહેણાંક ઇમારતો આગ લાગવાની સ્થિતિમાં તેની સ્થિરતા, અખંડિતતા અને ભાર વહન ક્ષમતા વાજબી સમયગાળા માટે જળવાઈ રહે એવી રીતે ડિઝાઇન અને બાંધવી જોઇએ. જાનહાનિ અને મિલકતના નુકસાન સામે ટકી રહે તે માટે રહેણાંક ઇમારતની ડિઝાઇન અને તેના બાંધકામમાં વપરાતો માલસામાન ઇમારતને સંપૂર્ણ બળી જવા માટે પ્રતિરોધક બનાવવા અને આગ, ધુમાડો અથવા જ્વાળાને ઝડપથી ફેલાતી અટકાવવા માટે મહત્વના પરિબળો છે. આગ નિવારણ પ્રણાલીઓ / પગલાં પર વધુ વિગતો માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ ૪) ની કલમ ૩, કલમ ૬.૧ અને પરિશિષ્ટ-ઇ નો સંદર્ભ લેવો જોઈએ.

રહેણાંક ઈમારતોના બાંધકામમાં બિન-જ્વલિશીલ માલસામાનનો ઉપયોગ કરવો જોઈએ અને દાદરાની અંદરની દિવાલો ઇંટ અથવા મજબૂત કોંક્રિટ અથવા ૧૨૦ મિનિટની અગ્નિ પ્રતિરોધક દર ધરાવતી કોઈપણ સામગ્રીની હોવી જોઈએ. રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ -૪) ના કોષ્ટક -૧, કલમ ૩ અને ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા પગલાં વિનિયમોનમાં વિગતવાર દર્શાવ્યા મુજબ ભાર સહન કરવાની શક્તિ (Load bearing members) અને માળખાને સ્થિર થવામાં મદદ કરે તેવી દિવાલ (non-load bearing members) આગ પ્રતિરોધક દરથી બાંધવી જોઈએ.

## આગ પ્રતિરોધક દિવાલો અને માળ (Fire Resistant Walls and Floors)

બાંધકામના ઘટકો (જેમ કે દિવાલ/માળ વગેરે) નો આગ દરમિયાન પતનનો પ્રતિકાર કરવાની, આગ/ધુમાડાને અંદર આવતો રોકવા, ગરમીના પ્રસરણને રોકવાની એક અથવા બીજી રીતે આગની અસરો સામે ટકી રહેવાની તેની ક્ષમતાનું પ્રમાણ છે. બાંધકામના ઘટકોના અગ્નિ પ્રતિકારને મિનિટો અથવા કલાકોમાં એટલે કે ૧૨૦ મિનિટ અથવા ૧ કલાક વ્યાખ્યા કરવામાં આવી છે. બાંધકામના ઘટકોનો અગ્નિ પ્રતિકારક ગુણધર્મ જીવન સલામતી અને મિલકત સુરક્ષાની જરૂરિયાતોને પ્રભાવિત કરે છે.

રહેણાંક ઈમારતોમાં, આગ પ્રતિરોધક દિવાલો અને એક જગ્યાએથી બીજી જગ્યાએ આગ/ધુમાડો ફેલાતો અટકાવવા માટે માળના ખુલ્લા ભાગોને બંધ કરી દેવા જોઈએ. ૧[5] થી ૩ પ્રકારના બાંધકામો માટે,

[5] ઇમારતના બાંધકામના પ્રકાર માટે, NBC ૨૦૧૬ (ભાગ ૪) માં કોષ્ટક ૧ નો સંદર્ભ લેવો.

કોઈપણ માળ પર અગ્નિ પ્રતિરોધક દિવાલનો દરવાજો અથવા ખુલ્લા ભાગને મહત્તમ ૫.૬ ચો. મીટરની ઊંચાઈ/પહોળાઈવાળો ભાગ ૨.૭૫ ચોરસ મીટર સુધી મર્યાદિત હોવો જોઈએ. દરેક દિવાલના ખુલ્લા ભાગને અગ્નિ રેટિંગ ૧૨૦ મિનિટથી વધુ અગ્નિ-પ્રતિરોધક દરવાજાથી સુરક્ષિત રાખવો જોઈએ. માળના આવવા-જવાના આવા ખુલ્લા ભાગની ઉપર અને નીચે લંબાવેલી ઊભી આડશથી સુરક્ષિત હોવા જોઈએ, આવી આડશો ૧૨૦ મિનિટથી વધુ હોય તેવા અગ્નિ પ્રતિકાર ધરાવતા હોય અને તેમાંના તમામ છિદ્રો આગ-પ્રતિરોધક જોડાણોથી સુરક્ષિત હોય.

ચોથા પ્રકારના બાંધકામ માટે, અગ્નિથી અલગ કરતી દીવાલો અથવા માળના પ્રવેશદ્વાર ૧૨૦ મિનિટની અગ્નિ-પ્રતિરોધક રેટેડ જોડાણોથી ફીટ કરવી આવશ્યક છે.

રહેણાંક ઈમારતોમાં, કેબલ, વીજળીના વાયરો વગેરેના પસાર થવા માટે કરવામાં આવેલ દિવાલો અથવા માળના પ્રવેશદ્વારને ૧૨૦ મિનિટના અગ્નિ પ્રતિકાર રેટિંગ સાથે વાહક નળીઓ/પાટડા (ducts / shafts) ના સ્વરૂપમાં આડશથી સુરક્ષિત રાખવું જોઇએ. વિદ્યુત કેબલ/ડક્ટ અને દિવાલો/સ્લેબ વચ્ચેની જગ્યા ૧૨૦ મિનિટના આગ પ્રતિરોધક રેટિંગ સાથે આગ પ્રતિરોધક સામગ્રીથી ભરેલી હોવી જોઈએ. રસોડાના તમામ એક્ઝોસ્ટ પંખાને, તેને બહારની દિવાલ પર અથવા બિન-જ્વલનશીલ સામગ્રીના ડક્ટ પર સીધા બહાર તરફ લઈ જાય તેવી રીતે રાખવા જોઈએ. જ્વલનશીલ સામગ્રી ધરાવતા વિસ્તારોમાં નળીઓ પસાર થવી જોઈએ નહીં. જો કે, સેન્ટ્રલાઇઝ્ડ ડક્ટીંગના કિસ્સામાં, આગના ફેલાવાને મર્યાદિત કરવા માટે ડક્ટને ફાયર સ્ટોપ સામગ્રીનું પૂરતું રક્ષણ આપવું જોઇએ.



*આગ પ્રતિરોધક સામગ્રી*

માલસામાન, એન્જિનિયરિંગ વર્કશોપ, જ્વલનશીલ પ્રવાહીનો મોટા પાયે સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા વધારે જોખમવાળા વિસ્તારોમાં વગેરે ૧૨૦ મિનિટની અગ્નિ પ્રતિકાર રેટિંગ દિવાલની હોવી જોઈએ.

રહેણાંક ઈમારતોમાં તમામ ઊભી ખુલ્લી જગ્યાઓ યોગ્ય રીતે બંધ/ સુરક્ષિત હોવી જોઈએ. આનાથી વસાહતીને સુરક્ષિત બહાર નીકળવા માટે દરેક માળે ધુમાડો ફેલાતો અટકાવવા માટે આ જરૂરી હોવું જોઈએ.

## વીજળીકરણ:

રહેણાંક ઇમારતોમાં, આગ દરમિયાન મહત્વના વીજળી કેબલ ચાલુ રહેવા જોઈએ. સર્કિટના વિદ્યુત કેબલ આગ પ્રતિરોધક ગુણધર્મવાળા હોવા જોઈએ. વીજળી કેબલના નુકસાનને પૂરતા પ્રમાણમાં મજબૂત કેબલના ઉપયોગથી, કેબલ રૂટની સાવચેતીપૂર્વક પસંદગી અને/અથવા વિદ્યુત કેબલને નુકસાન સંભવિત વિસ્તારોમાં ભૌતિક સુરક્ષાની જોગવાઈથી નિયંત્રિત કરવું જોઈએ. સામાન્ય રીતે, કેબલને ટેકારૂપ પદ્ધતિઓ બિન- જ્વલિશીલ હોવી જોઈએ અને આવી સર્કિટની અખંડિતતાને સસ્તા કેબલથી હલકી કરવી જોઇએ નહીં.

વીજળીના કેબલ/વાયરીંગ અલગ શાફ્ટમાં નાખવા જોઈએ. વીજળીના કેબલો પાણીની લાઇન, ગેસ પાઈપ, ટેલીફોન લાઈન, ઈન્ટરકોમ લાઈનો અથવા તેના જેવી ઈમારતની સર્વીસ ધરાવતી શાફ્ટમાંથી પસાર કરવી જોઈએ નહીં. શાફ્ટને દરેક માળે આગ પ્રતિરોધક સામગ્રીથી તે માળમાં એટલી જ આગ પ્રતિરોધક રેટિંગ ધરાવતી સામગ્રીથી સીલ કરવી જોઈએ.

શાફ્ટમાંથી પસાર થતા મધ્યમ અને ઓછા વોલ્ટેજનું વાયરિંગ, અને ફોલ્સ સિલીંગની અંદર મેટલની નળીમાં પસાર થવા જોઈએ. ફોલ્સ સિલીંગની ઉપર પ્રકાશ અથવા અન્ય સેવાઓ માટે કોઈપણ ૨૩૦ વોલ્ટ વાયરિંગમાં ૬૬૦ વોલ્ટ ગ્રેડનું આવરણ હોવું જોઈએ.

વીજળી મીટર સીડીની નીચે અથવા બહાર નીકળવાના માર્ગમાં ન હોવું જોઈએ. વીજળી મીટર રૂમમાં પૂરતા પ્રમાણમાં હવાની અવરજવર અને સરળતાથી પહોંચી શકાય એવો હોવો જોઈએ.

રહેણાંક ઇમારતોનું વીજળીકરણ કેન્દ્રીય વીજ સત્તામંડળ (સલામતી અને વીજ પુરવઠો) (સુધારા વિનિયમો, ૨૦૧૫ ના નિયમ નંબર 5A અને ૩૦ ને અનુરૂપ હોવું જોઈએ.

આપાતકાલીન વીજળી (એટલે કે જયારે મુખ્ય વિદ્યુત કામ કરતી ન હોય ત્યારે વીજળી પુરવઠો) નીચેના સાધનો/પ્રણાલીમાં આપવો જોઈએ:

- ફાયર પંપ
- પ્રેશરાઈઝેશન અને સ્મોક વેટીંગ; તેની આનુષંગિક પ્રણાલીઓ જેમ કે ડેમ્પર્સ અને એક્ટયુએટરનો સમાવેશ થાય છે.
- ફાયરમેન લીફ્ટ
- બહાર નીકળવા સૂચકદર્શક લાઇટીંગ
- ઇમરજન્સી લાઇટીંગ

- ફાયર એલાર્મ સીસ્ટમ
- જાહેર સંબોધન પ્રણાલી (Public Address System) (આપત્તકાલીન વૉઇસ ઇવેક્યુએશન અને ઘોષણા સંબંધિત).
- ચુંબકીય દરવાજા ખોલવાના ઉપકરણો (Magnetic door hold open devices).
- ફાયર કમાંડ સેન્ટર અને સુરક્ષા રૂમમાં લાઇટિંગ

ઉપરોક્ત પ્રણાલીઓ વીજળી પુરવઠો સામાન્ય વીજળી અને ઇમરજન્સી પાવર દ્વારા બદલવાની સુવિધાવાળી હોવી જોઈએ. ઉપરોક્ત પ્રણાલીઓના પેનલ/વિતરણ બોર્ડને વીજળી પુરવઠો આગ પ્રતિરોધક આડશો (fire proof enclosures) અથવા સર્કિટ અખંડિતતા કેબલ દ્વારા અથવા નજીકના ફાયર કમ્પાર્ટમેન્ટમાં વૈકલ્પિક માર્ગ દ્વારા હોવો જોઈએ જેથી ઉપરોક્ત પ્રણાલીઓ અને સાધનો માટે વીજળીનો પુરવઠો વિશ્વસનીય રહે.

રહેણાંક ઇમારતોમાં સબસ્ટેશનનો ઉપયોગ સબસ્ટેશનની કામગીરી માટે જરૂરી હોય તે સિવાયની વસ્તુનો સંગ્રહ અથવા અન્ય ઉપયોગી પ્રકારની વસ્તુઓ માટે કરવો જોઈએ નહીં. સબસ્ટેશનમાં પૂરતી હવાની અવરજવરની ખાતરી કરવી જરૂરી છે. ગ્રાઉન્ડ લેવલ અથવા પ્રથમ ભોંયરામાં રહેલ MV (મધ્યમ વોલ્ટેજ) પેનલ રૂમ માટે સ્વતંત્ર AC/વેન્ટીલેશન આપવું આવશ્યક છે. MV પેનલ રૂમિની ૧૨૦ મિનિટથી ઓછી ન હોય તેવા અગ્નિ પ્રતિકાર સાથે હોવું આવશ્યક છે.

રહેણાંક ઇમારતોમાં, સબસ્ટેશન / સ્વીચ સ્ટેશન નજીકની ઇમારતોથી ઓઈલ ફિલ્ડ સાધનો ઓછામાં ઓછા ૭ મીટર દૂર હોવા જોઈએ. ૧૦ MVA ક્ષમતાથી વધુના તમામ તેલ ભરેલા ટ્રાન્સફોર્મર્સ હાઇ વેલોસિટી વોટર સ્પ્રે સિસ્ટમ અથવા નાઇટ્રોજન ઇન્જેક્શન સિસ્ટમથી સુરક્ષિત રાખવું જોઇએ. ઇમારતોની અંદર રહેલ ટ્રાન્સફોર્મર્સ ડ્રાય ટાઈપનું જ હોવું જોઈએ.

ડીઝલ જનરેટર (DG) સેટ રહેણાંક ઈમારતોના ગ્રાઉન્ડ ફ્લોર/પ્રથમ ભોંયરામાં ગોઠવવા જોઈએ નહીં. ડીઝલ જનરેટર સેટ જો અંદર ગોઠવેલ હોય તો યોગ્ય વેન્ટીલેશન અને એક્ઝોસ્ટનું આયોજન કરવું જોઈએ. ડીઝલ જનરેટર સેટ રૂમમાં ૧૨૦ મિનિટની આગ પ્રતિકાર રેટિંગ હોવી જોઈએ. જોખમી પેટ્રોલિયમ ઉત્પાદનો માટે અગ્નિ સલામતી જરૂરિયાતો સંબંધિત વિગતવાર માહિતી માટે, પેટ્રોલિયમ અધિનિયમ, ૧૯૩૪ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમોનો સંદર્ભ લઈ શકાય.

રહેણાંક ઇમારતોની વીજળી સુરક્ષા વિદ્યુત શાફ્ટ દ્વારા ડાઉન કન્ડક્ટર (અવાહક આવરણ અથવા વાહક આવરણ) ને રૂટીંગ કરીને સુનિશ્ચિત કરવી જોઈએ. વધુ વિગતો માટે, રાષ્ટ્રીય ભવન સંહિતા (NBC), ૨૦૧૬ અને કેન્દ્રીય વીજ સતતામંડળ (સલામતી અને વીજ પુરવઠોના પગલાં) સુધારા વિનિયમો, ૨૦૧૫ ના ભાગ ૮ ‘‘ઇમારત સેવા, વિભાગ-૨ વીજળી અને સંલગ્ન ગોઠવણી’’ જુઓ.

## બહાર નીકળવા પ્રકાશ અને પ્રતીકો (Escape Lighting and Exit Signage)

રહેણાંક ઇમારતોમાં, બહાર નીકળવાના રસ્તા અને બહારની જગ્યા (exit access, exits and exit discharge) ને યોગ્ય રીતે નિશ્ચિત કરવી જોઈએ અને સતત અજવાળં હોવું જોઈએ. કટોકટી સમયની વીજળી સ્વતંત્ર સ્ત્રોતમાંથી એટલે કે સામાન્ય વીજળી પુરવઠા કરતા અન્ય સ્ત્રોતમાંથી આપવામાં આવેલી હોવી જોઈએ. બહાર નીકળવાના માર્ગ પર માળના સ્તરે આડી લ્યુમિન્સ ૧૦ લ્યુમેન્સ / ચોરસ મીટર કરતા ઓછી હોવી જોઈએ નહીં. કોઈપણ એક લ્યુમિનેયર બંધ થવાથી બીજા કોઈપણ વિસ્તારમાં અંધકાર ફેલાય એવી રીતે વીજળી ગોઠવવી જોઈએ નહીં. સામાન્ય વીજળી પુરવઠો બંધ થવાના પાંચ સેકન્ડની અંદર ઇમરજન્સી વીજળી ચાલુ થવી જોઈએ. આ ઉપરાંત, ઇમરજન્સી વીજળી નાની જગ્યામાં પણ સામાન્ય વીજળી બંધ થવાના કિસ્સામાં ૯૦ મિનિટથી ઓછા સમયમાં જરૂરી પ્રકાશ સ્તર જાળવવા સક્ષમ હોવી જોઈએ. સંપૂર્ણ સેવા ક્ષમતાની ખાતરી કરવા માટે ઈમરજન્સી વીજળી પ્રણાલી સારી રીતે જાળવવી જોઈએ અને સમયાંતરે નિરીક્ષણ અને પરીક્ષણ કરવું જોઈએ.

રહેણાંક ઈમારતોમાં, બહાર નીકળવાની પરસાળ/માર્ગ બહાર નીકળવાના સંકેત સાથે હોવા જોઇએ. બહાર નીકળવાનો કોઈ છેડો જોવાનું અંતર ૩૦ મીટરથી વધુ ન હોય એવી રીતે બહાર નીકળવાના સૂચક પ્રતીકો હોવા જોઈએ. દિશા દર્શાવતું સૂચક પ્રતીક દિશાના તમામ વળાંકોમાં હોવું જોઈએ. વીજળી પુરવઠાના વૈકલ્પિક સ્ત્રોત પર બહાર નીકળવાના સૂચક પ્રતીકો પ્રકાશિત અને સ્વતંત્ર વિદ્યુત સર્કિટ સાથે વાયરથી જોડાયેલા હોવા જોઈએ. ફર્નિચર અથવા અન્ય ભારે સાધનોને ખસેડવાને કારણે તેમને કોઈ યાંત્રિક નુકસાન ન થાય એવી રીતે બહાર નીકળવાના તમામ રસ્તા સૂચક પ્રતીકો ગોઠવેલા હોવા જોઈએ. વધુમાં નીચે ઉતરવાના તમામ માળની સંખ્યા દર્શાવતા માળ સૂચવતા બોર્ડ હોવા જોઈએ. બહાર નીકળવાના ચિહ્નોના માપ અને રંગો ભારતીય માનક બ્યુરો IS:૯૪૫૭, ભારતીય માનક બ્યુરો IS:૧૨૩૪૯, ભારતીય માનક બ્યુરો IS:૧૨૪૦૭ અનુસાર હોવા જોઈએ. બહાર નીકળવાના ચિહ્નોનો રંગ લીલો હોવો જોઈએ.




બહાર નીકળવાના સંકેત

## એર કન્ડીશનીંગ, હવાની અવરજવર અને ધુમાડા નિયંત્રણ (Air Conditioning, Ventilation and Smoke control)

રહેણાંક મકાનોમાં, જ્યાં યાંત્રિક હવાની અવરજવરની વ્યવસ્થા કરી હોય ત્યાં યાંત્રિક હવાની અવરજવર પ્રણાલીની ડિઝાઇન એવી કરવી જોઈએ કે, આગની સ્થિતિમાં, ઇમારતમાંથી ડક્ટનું કામ આગ, ધુમાડો અને જ્વાળામાં પરિવર્તિત કરવામાં મદદ કરે નહીં અને બચવાના સલામતી માધ્યમોને જોખમમાં મૂકે નહીં તે સુનિશ્ચિત કરવું જોઈએ. કોઈપણ એક્ઝોસ્ટ પોઈન્ટ એવી રીતે મૂકવો જોઈએ કે જેથી કરીને ઈમારતને વધુ જોખમમાં નાખે, એટલે કે બહાર નીકળવાના રસ્તા, જ્વલિશીલ મકાન સામગ્રી અથવા છતની સામગ્રી અને મકાનમાં પ્રવેશથી દૂર હોય.

રહેણાંક ઇમારતોમાં, દરેક માળમાં અલગ હવા સંચાલન એકમ (AHU) હોવું જોઈએ જેથી કરીને એર કન્ડીશનીંગ ડક્ટોમાંથી આગ અને ધુમાડો ફેલાવવાથી ઉદભવતા જોખમોને ટાળી શકાય. હવાની ડક્ટ દરેક હવા સંચાલન એકમથી (AHU) તેના માળ સુધી અલગ હોવી જોઈએ અને કોઈપણ રીતે અન્ય કોઈપણ માળની ડક્ટ એકબીજા સાથે જોડાયેલી હોવી જોઈએ નહીં.

રહેણાંક ઈમારતોમાં, શાફ્ટ અથવા ડક્ટ, જો ઘણા માળમાં પ્રવેશી જાય તો, કિનેક્ટીંગ ડક્ટ વર્કમાં આગને નિયંત્રિત કરતું ચણતર હોવું જોઈએ અથવા ફ્લોર ક્રોસિંગ પર આગને નિયંત્રિત કરતું ફાયર રેટેડ ડક્ટ વર્ક હોવું જોઈએ. વૈકલ્પિક રીતે, ૧૨૦ મિનિટ આગ પ્રતિરોધક રેટિંગવાળા રૂમમાંથી બહાર નીકળતી/પ્રવેશ કરતી ડક્ટની દિવાલો, દરવાજા અને આગને નિયંત્રિત ધરાવતા રૂમમાં ડક્ટ અને સાધનો ગોઠવી શકાય છે. હવા નિયંત્રિત એકમના એર ફિલ્ટર બિન-જ્વલિશીલ સામગ્રીમાંથી બનેલા હોવા જોઈએ.

રહેણાંક ઈમારતોમાં, મુખ્ય માળ વિસ્તારમાં, પરસાળ વગેરેમાં કામ આપતી હવાની ડક્ટ બહાર નીકળવા/ બહાર નીકળવાની પરસાળ/ બહાર નીકળવાની આડશમાંથી પસાર થવી જોઈએ નહીં. જયાં પણ ડક્ટો આગ પ્રતિરોધક દિવાલો અથવા માળમાંથી પસાર થાય, ત્યાં ડક્ટની આજુબાજુનો ખુલ્લો ભાગ કમ્પાર્ટમેન્ટની આગ પ્રતિરોધક રેટિંગ ધરાવતી સામગ્રી સાથે સીલ કરવો જોઈએ. ડક્ટ પ્રણાલીને અવાહક કરવા માટે વપરાતી સામગ્રી (અંદર કે બહાર) બિન-જ્વલિશીલ પ્રકારની હોવી જોઈએ. આવી કોઈપણ અવાહક સામગ્રી જ્વલનશીલ ગુણધર્મવાળી ન હોવી જોઈએ.

આગ અથવા ફ્રાયર/ધુમાડા નિયંત્રિત[6] કરતી એર ડક્ટો, તાજી હવા અને હવા બહાર કાઢવાની ડક્ટસ/ પરસાળમાં આપવી જોઈએ. નિયંત્રકને એવી રીતે ગોઠવવવું જોઈએ કે જેથી તમામ નિષ્ક્રિય આગ સલામતી

[6] હવાનો ફેલાવો અથવા ધુમાડા નિયંત્રણ પ્રણાલીની નળીઓ અને હવા પરિવર્તન ઓપનિંગ્સમાં ગોઠવેલ ઉપકરણ ગરમી / ધુમાડાની જાણ થતા આપમેળે બંધ થવા ગોઠવવું જોઇએ.

બંધ ઓરડાની સંપૂર્ણ અખંડિતતા પૂરી પાડે. જરૂર પડે ત્યારે ડેમ્પરની જાળવણી, પરીક્ષણ અને બદલવા માટે સુલભ હોવું જોઈએ. ડેમ્પર્સના મેન્યુઅલ ઓપરેશન માટે પણ જોગવાઈ હોવી જોઈએ.

ડેમ્પર્સ, હવા પુરવઠા ડક્ટ, તાજી હવા અને હવા બહાર કાઢવાની ડક્ટ/પરસાળમાં નીચેના છેડા પર હોવા જોઈએ:

૧. આગ અલગ દિવાલ[7] પર
૨. જ્યાં ડક્ટ / પેસેજ ઊભી શાફ્ટમાં પ્રવેશે.
૩. જ્યાં ડક્ટ માળમાંથી પસાર થાય અને
૪. સપ્લાય એર ડક્ટના ઇનલેટ પર અને દરેક માળે, દરેક કમ્પાર્ટમેન્ટના રીટર્ન એર ડક્ટ પર.

## કાચની રવેશ (Glazing)

આજકાલ, કલાત્મક હેતુ અને આકર્ષક દેખાવના બાહ્ય લક્ષણો માટે ઘણી ઇમારતોમાં કાચની રવેશનો ઉપયોગ થાય છે. કલાત્મક હેતુઓ ઉપરાંત, ઇમારતમાં કાચનો આગળનો ભાગ આગ દરમિયાન કાચ તૂટવા, ફાયર ફાઇટર પર તૂટેલા કાચનું પડવું વગેરે જેવા અનોખા આગ સલામતી પડકારો પણ ઊભા થયા છે. ઈમારતોમાં કાચની રવેશ કરતી વખતે અમુક આગ સલામતી સુવિધાઓનું પાલન કરવું જોઈએ.

ઇમારતના માળખા અને કામની રવેશ વચ્ચેનું અંતર 300 મિલીમીટરથી વધુ ન હોવું જોઈએ. આગના ફેલાવાને રોકવા માટે, દરેક માળ પર ઓટોમેટિક વોટર કર્ટન પ્રણાલી હોવી જોઈએ. કાચની રવેશમાં પ્લાસ્ટિક જેવી જ્વલનશીલ સામગ્રીનું આવરણ હોવું જોઈએ નહીં, અને ઓછામાં ઓછા ૧૨૦ મિનિટ આગનો પ્રતિકાર કરવા માટે તે ડિઝાઇન કરેલ હોવો જોઈએ. રવેશ માટે વપરાતી ગ્લેઝિંગ IS ૨૫૫૩ મુજબ મજબૂત (ટેમ્પર્ડ) સુરક્ષા કાચની હોવી જોઈએ. દાદરના બાહ્ય દેખાવ પર કાચની રવેશ હોવી જોઈએ નહીં. બચાવ કર્મચારીઓ માટે બહાર નીકળવાના છેડા તરીકે, દરેક માળે દિવાલમાં ૧.૫ મીટર × ૧.૫ મીટરનું દ્વિ-માર્ગી ખુલ્લું હોવું આવશ્યક છે. તેઓને "આપત્તકાલીન બહાર નીકળવા" તરીકે યોગ્ય રીતે નામ આપેલું હોવું જોઇએ.

---

[7] આગની સ્થિતિમાં પૂરતી માળખાકીય સ્થિરતા સાથે એક બાજુએ બાંધકામ તૂટી પડે અથવા સામેની દિવાલના પડ્યા વિના આગના ફેલાવાને અને નીચેથી ઉપર સુધી સતત ફેલાતી (અને જ્વલનશીલ છતના કિસ્સામાં છતથી ઓછામાં ઓછા ૧ મીટર ઉપર), અટકાવે એવા અગ્નિ પ્રતિરોધક રેટેડ દિવાલ અગ્નિથી સુરક્ષિત દરવાજા ધરાવતા હોવા જોઇએ

## આંતરિક સજાવટ (Surface Interior Finish)

રહેણાંક ઇમારતોમાં આંતરિક સજાવટ જ્વાળા ફેલાવતું મુખ્ય પરિબળ છે. આંતરિક સજાવટને ઇમારતની દિવાલો અને છતોની આંતરિક સપાટીને ઢાંકવાના ભાગરૂપે સામગ્રી અથવા સામગ્રીના સંયોજનની બનેલી ઇચ્છનીય છે.

ઇમારતોમાં દિવાલો, છત અને રૂમની અંદર વપરાતા પડદા પર જ્વલનશીલ સપાટીની સજાવટનો ઉપયોગ, રહેવાસીઓની સલામતીને અસર કરે છે. આવી સજાવટ આગને ફેલાવે છે અને આગની તીવ્રતામાં વધારો કરે છે. તે ઝેરી ધૂમાડો પણ ઉત્પન્ન કરે છે અને મિલકતને નુકસાન પહોંચાડે છે. ઇમારતમાં વપરાતી સજાવટની સામગ્રી આગના ફેલાવાને મર્યાદિત કરવા જેવી હોવી જોઈએ અને ઝેરી જ્વાળા/ધુમાડો ઉત્પન્ન ન થાય તેવી હોવી જોઈએ.

## ફાયર કમાન્ડ સેન્ટર (Fire Command Centre) (FCC):

રહેણાંક ઇમારતોમાં, ફાયર કમાન્ડ સેન્ટર સીધા જ અંદર પ્રવેશી શકાય એવા અંદર દાખલ થવાના માળે હોવું જોઈએ. ફાયર કમાન્ડ સેન્ટરમાં સંચાર પ્રણાલી (communication system) અને જાહેરાત પ્રણાલી (પબ્લિક એડ્રેસ સિસ્ટમ) સાથેની મુખ્ય આગ ચેતવણી પેનલ હોવી જોઈએ.

ફાયર કમાન્ડ સેન્ટરને ૧૨૦ મિનિટની અગ્નિ પ્રતિરોધક રેટેડથી બાંધવી જોઈએ અને દિવાલો અને અગ્નિ દરવાજાને ઇમરજન્સી લાઇટિંગ આપવી જોઈએ. ફાયર કમાન્ડ સેન્ટરમાં વપરાતી આંતરિક સજાવટ જ્વલનશીલ હોવી જોઈએ નહીં. ફાયર કમાન્ડ સેન્ટરમાં અગ્નિશામક સાધનો અને ગોઠવવાની વિગતો પણ ફ્લોર પ્લાનની વિગતો જાળવવી જોઈએ.

# પ્રકરણ - ૨: જીવન સલામતીના પગલાં (Life Safety Measures)

આગની પરિસ્થિતિ દરમિયાન ઘરના વસાહતીઓ અને મુલાકાતીઓના રક્ષણ માટે લેવાતા હોય તેવા જીવન સલામતીના પગલાં લેવાના ઘટકોના બનેલા હોવા જોઇએ. ઇમારતમાં જીવન સુરક્ષા પ્રણાલીઓ (Life Safety Systems) બનાવે તેવા ઘણા ઘટકો છે. સંકલિત અને સંપૂર્ણ રીતે કાર્યરત જીવન સલામતી પ્રણાલીથી રહેણાંક ઇમારતોમાં સુરક્ષામાં વધારો કરી શકાય છે. જીવન સુરક્ષાને ઇમારતોના બાંધકામ, સલામતી અને અગ્નિ અને તેને લગતા જોખમોની અસરોને ઓછી કરતી વ્યવસ્થાના પાસાંઓના આધારે ઇમારતોમાં રહેનારાઓને સુરક્ષિત રાખવા માટેની વ્યૂહરચના/પદ્ધતિઓ તરીકે ઓળખાવી શકાય.

રહેણાંક ઇમારતોમાં જીવન સલામતીના પગલાંમાં મુખ્યત્વે બહાર નીકળવાની જરૂરિયાતો, કમ્પાર્ટમેન્ટેશન, ધુમાડા નિયંત્રત પ્રણાલી,, ગેસ પુરવઠા પ્રણાલી, ફાયર ડિટેક્શન અને ચેતવણી પ્રણાલી, આગ અભ્યાસ, ફાયર ઓર્ડર, લીફ્ટનો સમાવેશ થાય છે. જીવન સલામતીની વધુ વિગતો માટે રાષ્ટ્રીય ભવન સંહિતા (NBC), ૨૦૧૬ (ભાગ-૪) ની કલમ ૪ અને ૬.૧, પરિશિષ્ટ-ઇ; ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા પગલાં વિનિયમો વાંચવાની સલાહ આપવામાં આવે છે.

## બહાર નીકળવાના જરૂરી માધ્યમો: (Means of Egress Requirements)

રહેણાંક ઇમારતોમાં બહાર નીકળવાના માધ્યમમાં એક્ઝીટ એક્સેસ, એક્ઝીટ અને એક્ઝીટ ડિસ્ચાર્જનો સમાવેશ થાય છે. આ ઘટકો રહેણાંક પરિસરમાં રહેનારાઓ અને મુલાકાતીઓને સલામત સ્થળાંતર કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. ત્રણેય ઘટકો એટલે કે એક્ઝીટ એક્સેસ, એક્ઝીટ અને એક્ઝીટ ડિસ્ચાર્જ માર્ગ સીધો મેદાન તરફ દોરી જાય તેમ અવરોધ મુક્ત અને ચાલુ સ્થિતિમાં જાળવવા જોઈએ. આ અંગે વધુ માહિતી માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ-૪) માં વિશિષ્ટ ઘટકો અને મહત્વપૂર્ણ લક્ષણોની વિગતો જોઈએ.




એક્ઝીટ એક્સેસ, એક્ઝીટ અને એક્ઝીટ ડિસ્ચાર્જ માર્ગ

એક્ઝીટ એક્સેસની બહાર નીકળવા તરફ દોરી જતા નીકળવાના માધ્યમોના ભાગ તરીકે વ્યાખ્યા કરવામાં આવી છે. બહાર નીકળવું એ દરવાજા, દાદર વગેરે જેવા ઘટકો છે, જે બહાર પ્રવેશ અને ખુલ્લી જગ્યા અથવા જાહેર માર્ગની વચ્ચે છે. બહાર નીકળવાની જગ્યાને આગ પ્રતિરોધક રેટેડ બાંધકામ દ્વારા સુરક્ષિત કરવામાં આવે છે જેથી બહાર નીકળવાનો સુરક્ષિત રસ્તો મળે. બહાર નીકળવાના ઘટકોમાં બહાર નીકળવાના દરવાજાનો રસ્તો, બહાર નીકળવાની પરસાળ, દાદરા, બહારના ભાગે નીકળવાના ઢાળ વગેરેનો સમાવેશ થાય છે. એક્ઝીટ ડિસ્ચાર્જ એ બહાર નીકળવાના અને જાહેર માર્ગના અંત વચ્ચે બહાર નીકળવાના માધ્યમના ઘટક તરીકે વ્યાખ્યાયીત કરવામાં આવે છે.

કટોકટી દરમિયાન રહેવાસીઓ, અને મુલાકાતીઓની મુક્ત અવરજવર માટે દરેક એક્ઝીટ, એક્ઝીટ પેસેજ વે અને એક્ઝીટ ડિસ્ચાર્જ અવરોધ મુક્ત જાળવવી જોઈએ.

ખુલ્લી જગ્યામાંથી બહાર નીકળવા માટેના અને તમામ બહાર નીકળવાના રસ્તા ઓછામાં ઓછા ૨.૪ મીટરની ક્લીયર સીલીંગ હાઈટ ધરાવતા હોવા જોઈએ. જો કે, બહાર નીકળવાના દરવાજાની ઊંચાઈ ઓછામાં ઓછી ૨.૦ મીટર હોવી જોઈએ.




એક્ઝીટ હાઈટ

રહેણાંક ઇમારતોમાં, બહાર નીકળવાના માર્ગના માધ્યમોની ક્ષમતા ખુલ્લી જગ્યામાં પહોંચીએ ત્યાં સુધી બહાર નીકળવાના માર્ગ સાંકડો હોવો જોઇએ નહીં. જયાં પણ ૩૦૦ મિલીમીટરથી વધુ ઊંચાઈમાં ફેરફાર કરવાની ઇચ્છા હોય, ત્યાં કઠેરા સાથેનો ઢાળ આપવા જોઇએ. ઢાળની લાદી ફિનિશને અડીને આવેલી સુવાળી સામગ્રીથી જુદી હોવી જોઈએ. અગ્નિ સુરક્ષા પાઈપ દબાણ માટે ડક્ટ અને જીવન સલામતી પ્રણાલીઓ જેવા પ્રવેશને માત્ર પર્યાપ્ત પેસિવ ફાયર પ્રોટેક્શન સાથે જ બહાર નીકળવા દેવા જોઈએ.

બહાર નીકળવા માટે ચાલવાની સપાટી નીચેની જરૂરિયાતોવાળી હોવી જોઇએ:

૧. સમતળ અને લપસી ન શકાય તેવી સપાટી.
૨. જો ઢાળ (સ્લોપ) આપવામાં આવે તો ઢાળ ૧:૨૦ ના પ્રમાણથી વધુ ન હોવો જોઈએ,
૩. બહાર નીકળવાની દિશામાં લંબરૂપ ઢાળ ૧:૪૮ ના પ્રમાણથી વધુ ન હોવો જોઈએ




રેમ્પ સ્લોપ

રહેણાંક ઈમારતોમાં, રાષ્ટ્રીય ભવન સંહિતા (NBC), ૨૦૧૬ (ભાગ -૪) માં જણાવ્યા મુજબ બહાર નીકળવાના માર્ગો (escape route) અને બહાર નીકળવા (Exit)ની સંખ્યા, રૂમ અથવા માળમાં રહેનારા લોકોના ભારણ[8] (Occupant Load) એટલે કે લોકોની સંખ્યા અને નજીકના બહાર નીકળવાના રસ્તા સુધી ચાલવાના અંતરની મર્યાદાઓ પર નિર્ભર રહેશે.

વિવિધ પ્રકારના ભોગવટા માટે નીચેની વધારાની જરૂરિયાતોનું પાલન કરવું જોઈએ:

| ક્રમ | ભોગવટા પેટા વિભાગ | વર્ણન |
|---|---|---|
| ૧ | A-1 અને A-3 | ૧. કોઈપણ રહેઠાણ અને ભોજનાલય ઇમારતોને તે જ ઇમારતમાં કોઈપણ બિન-રહેણાંક કબજામાંથી બહાર નીકળવાનું એકમાત્ર માધ્યમ હોવું જોઈએ નહીં.<br>૨. કોઈપણ એક અથવા વધુ માળ પર ૫૦૦ ચો.મીટરનું ક્ષેત્રફળ ધરાવતા ભોજનાલયમાંથી બહાર નીકળવાના ઓછામાં ઓછા બે અલગ-અલગ માધ્યમોની એક્સેસ હોવી જોઈએ જેમાંથી ઓછામાં ઓછું એક સીધું એક્ઝિટ ડિસ્ચાર્જ બની શકે તે રીતે ગોઠવાયેલ હોવું જોઈએ. |
| ૨ | A-3 | ૧. ૧૦ થી વધુ વ્યક્તિઓવાળા તમામ શયનખંડ જુદી જુદી દિશામાં બે અલગ અને અલગ એક્ઝિટ એક્સેસ હોવી જોઈએ. |

[8] કોઈપણ સમયે ઇમારત અથવા જગ્યા પર રહી શકે તેવા લોકોની કુલ સંખ્યા.

રહેણાંક ઇમારતો માટે એક કરતાં વધુ દાદરાની જરૂર હોય, તો દરેક માળના દરેક ભાગમાં એક કરતાં વધુ દાદરની ઍક્સેસ હોવી જરૂરી છે. જરૂરી હોય તો દરેક માળના દરેક ભાગમાં એક કરતાં વધુ દાદર મળી રહે તે જરૂરી છે. આનાથી જયાંથી બહાર નીકળવું શક્ય ન હોય એવા રસ્તાના છેડાથી વિસ્તારોને અટકાવી શકાતા નથી જો કે પ્રથમ સીડી વાપરી ન શકાય તેવી સ્થિતિમાં વૈકલ્પિક સીડી સુલભ હોવી જોઇએ. જો કે બંધ પરસાળ (dead end) ઇચ્છનીય નથી, તેમ છતાં બંધ માર્ગ (dead end)નું મહત્તમ અંતર ૬ મીટરથી વધુ ન હોવું જોઈએ.




*ડેડ એન્ડ*

નજીકના એક્ઝિટ માટે ચાલવાનું અંતર NBC ૨૦૧૬ (ભાગ-૪) જરૂરિયાતો સુધી મર્યાદિત હોવું જોઈએ. ચાલવાના અંતરને મર્યાદિત કરવાના ફાયદા છે જેવા કે –

- મર્યાદિત ચાલવાનો સમય; ધુમાડાના ગંભીર પ્રભાવ વિના સલામતી સુધી પહોંચી શકાય છે;
- મર્યાદિત વ્યાપ અને આડશની જટિલતા;
- ટૂંકા અંતરમાં વૈકલ્પિક ભાગવાની પૂરી ક્ષમતાની જોગવાઈ. બહાર જવાનો માર્ગ દેખાવાની સંભાવના વધી જાય છે, અને આગ દરમિયાન તે દેખાતો રહે છે;
- અદૃશ્ય રીતે આગ લાગે અથવા જાણ/ચેતવણી પહેલાં મોટી થાય તેવી શક્યતા ઓછી રહે છે; અને
- માણસ અને બહાર નીકળવાના માર્ગ વચ્ચે આગ લાગવાની સંભાવના ઓછી.

ઇમારતની અંદરના કોઈપણ છેડેથી અંતિમ દરવાજા સુધી મહત્તમ ચાલવાનું અંતર (travel distance) રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ -૪) માં જણાવેલ મર્યાદાઓથી વધુ ન હોવું જોઈએ. જો ચાલવાના અંતરની (travel distance) મર્યાદા વધી ગઈ હોય, તો બહાર નીકળવાની એક વધુ જોગવાઈ કરવી જોઈએ.

| | મહત્તમ ચાલવાનું અંતર (Max. travel distance | |
|---|---|---|
| | પ્રકાર ૧ /પ્રકાર ૨ | પ્રકાર ૩ /પ્રકાર ૪ |
| રહેણાંક ઇમારત | ૩૦ | ૨૨.૫ |

*નોંધ:*

- સ્પ્રીન્કલર્ડ ઇમારતમાં, ચાલવાનું અંતર *(travel distance)* ઉલ્લેખેલ મૂલ્યના ૫૦ ટકા સુધી વધારી શકાય છે.
- કાર પાર્કીંગમાં પ્રથમ ભોંયતળિયાના માળ નીચે ભોંયરાના કિસ્સામાં ઢાળને *(Ramp)* નીકળવાના માર્ગ તરીકે ગણવા જોઈએ નહીં.




*ચાલવાના અંતર (travel distance)ની ગણતરી*

રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ -૪) માં જણાવેલ ભોગવટા ભારણ (occupant load)ના ઘટકોનો રહેણાંક સુવિધામાં માળ / રૂમના ભોગવટા ભારણ સુધી પહોંચવા માટેના આધાર તરીકે ઉપયોગ કરવો જોઈએ. જયારે રૂમ અથવા માળનો ઉપયોગ કરવાની સંભાવના ધરાવતા રહેવાસીઓની સંખ્યાની ખબર ન હોય, ત્યારે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ મુજબ યોગ્ય માળ વિસ્તાર અને ભોગવટા ભારણના પરિબળોના આધારે ક્ષમતાની ગણતરી કરવી જોઈએ.

રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ -૪) ના કોષ્ટક ૩ થી ગણેલા માણસોની સંખ્યા (occupant load) એ રૂમ અથવા માળના સામાન્ય સ્તરના રહેઠાણ દરમિયાન વ્યક્તિઓની સંખ્યા છે. જો માણસોની સંખ્યા વધી જવાની ધારણા હોય, તો બહાર નીકળવાની (Exit) ડિઝાઇનમાં વધારાના ભોગવટા ભારણ પરિબળને ધ્યાનમાં લેવું જોઈએ.

ઉદાહરણઃ
એસ્કેપ રૂટની પહોળાઈની ગણતરી દાદરની ક્ષમતાના પરિબળો એટલે કે ૧૦ મીમી/વ્યક્તિ અને સ્તરના ઘટકો/ઢાળ માટે એટલે કે ૬.૫ મીમી/વ્યક્તિના આધારે કરવી જોઈએ.
ઉદાહરણ તરીકે, ૧૦૦૦ મીમી ચોખ્ખી પહોળાઈવાળા એક્ઝિટ ડોરવેમાં ૧૦૦૦/૬.૫ લોકો માટે એક્ઝિટ ક્ષમતા હશે જે ૧૫૪ વ્યક્તિઓ છે.

બહાર નીકળવાનો માર્ગ અને તેની પહોળાઈ તેનો ઉપયોગ કરતી વ્યક્તિઓની સંખ્યા પર આધારિત છે. તમામ બહાર નીકળવાનો માર્ગની એકંદર પહોળાઈ મહત્તમ સંખ્યામાં લોકોનો ઉપયોગ કરી શકે તેના કરતાં ઓછી ન હોવી જોઈએ. જ્યાં મહત્તમ સંખ્યામાં લોકો બહાર નીકળવાનો માર્ગનો ઉપયોગ કરી શકે અને બહાર નીકળી શકે તેની ખબર ન હોય તો, રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ ના (ભાગ ૪) માં જણાવેલ ભોગવટા ભારણ પરિબળના આધારે યોગ્ય ક્ષમતાની ગણતરી કરવી જોઈએ.

## બહાર નીકળવાના ઘટકો (Exit components)

### દરવાજા (Doorways)

રહેણાંક ઇમારતોમાં બહાર નીકળવાના દરવાજા બંધ સીડી અથવા પરસાળ બહાર નીકળવા તરફ ખુલ્લા હોવા જોઈએ અને તે હંમેશા બહાર નીકળવાની દિશા તરફ  ખુલતા હોવા જોઈએ.




ડોરવે ઓપિનીંગ

રહેણાંક ઇમારતોમાં, બહાર નીકળવાના દરવાજાની ઓછામાં ઓછી ઊંચાઈ અને પહોળાઈ ૨ મીટર અને ૧ મીટર હોવી જોઈએ.

રહેણાંક ઇમારતોમાં, ઘરગથ્થુ હેતુઓ માટે વપરાતા જ્વલનશીલ પ્રવાહીને ચુસ્ત રીતે બંધ અથવા સીલબંધ વાસણમાં રાખવા જોઈએ. કોઈ સ્ટોવ અથવા હીટર સીધું સીડીની નીચે અથવા તરત જ સીડીના પગથિયા નીચે અથવા અન્યથા સ્ટોવ અથવા હીટરની ખામીના કિસ્સામાં બહાર નીકળવા માટે અવરોધ ઊભો કરે એવી જગ્યાએ હોવું જોઈએ નહીં.

રહેણાંક ઇમારતમાં, બિલ્ડિંગ ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમ અથવા ફાયર ડિટેક્શન સિસ્ટમ સક્રિય થવાથી એક્સેસ કંટ્રોલ સિસ્ટમ આપમેળે ખુલી જવી જોઈએ. પાવરની કોઈપણ ખોટ એક્સેસ કંટ્રોલ સિસ્ટમને બંધ કરે છે. મેન્યુઅલ રીલીઝ ઉપકરણ એક્સેસ કંટ્રોલ દરવાજા પાસે "પુશ ટુ એક્ઝિટ" સંકેત સાથે આપવું જોઇએ.

વિવિધ પ્રકારના ભોગવટા માટે નીચેની વધારાની જરૂરિયાતોનું પાલન કરવું જોઈએ:

| ક્રમ | ભોગવટા પેટા વિભાગ | વર્ણન |
|---|---|---|
| ૧ | A-1 અને A-3 | ૧.બધા બાથરૂમના દરવાજાના તાળાઓ અથવા નકૂચાને કટોકટીની સ્થિતિમાં તાળું મારેલ અથવા બંધ દરવાજાને બહારથી ખાસ ચાવીના ઉપયોગથી ખોલી શકાય એવી ડિઝાઇનવાળા હોવા જોઈએ.<br>૨.બહાર નીકળવામાં અવરોધ ઊભો કરે અથવા પ્રતિબંધિત કરે એવા બધા બંધ ઉપકરણો જેવા કે ચેઇન બોલ્ટ, લિમિટેડ સ્લાઇડીંગ પ્રકારના તાળાઓ અને બર્ગલર તાળાઓ વાપરવા જોઈએ નહીં. |
| ૨ | A-5 | ૧.એક્ઝિટમાં પેનિક બાર[9] હોવા જોઈએ. પેનિક બાર જમીનના સ્તરથી ૮૬૫ મીમીથી ૧૨૨૦ મીમી વચ્ચે હોવું જોઈએ.<br>૨.પરસાળમાં ખુલતા દરવાજાને ખોલવા માટે આડા સ્લાઇડિંગ દરવાજાનો[10] ઉપયોગ કરવો જોઈએ નહીં. |

## બહાર નીકળવાના માધ્યમો પરસાળ અને જવાનો રસ્તો (Corridor and Passageways of Means of Egress)

રહેણાંક ઇમારતની, પરસાળની પહોળાઈ તેમાંથી બહાર નીકળવાના દરવાજાની કુલ પહોળાઈ કરતાં ઓછી ન હોવી જોઈએ.

[9] બારણું ખોલવાની પદ્ધતિનો એક પ્રકાર છે જે ઉપયોગ કરનાર બાર દબાવીને દરવાજો ખોલી છે.

[10] એક પ્રકારનો દરવાજો છે જે સ્લાઇડિંગ એક્શન દ્વારા આડા ખુલે છે, તે સામાન્ય રીતે દિવાલની સમાંતર હોય છે.




પરસાળ તરફ ખુલતા દરવાજા ઓપનિંગ

## દાદરો (Staircase)

રહેણાંક ઇમારતોમાં, ભાગવાના દરેક દાદરા એક માળેથી બીજા માળે જતા ફ્લાઇટ અને લેન્ડીંગ બિન-જ્વલિશીલ સામગ્રીથી બનેલા હોવા જોઈએ.

દાદરાનો ઉપયોગ કરતી વખતે સલામતીની જરૂરિયાતો સંતોષવા માટે, દાદરાની ડિઝાઇનમાં પરિમાણીય અવરોધો (Dimensional constraints) રાખવામાં આવે છે. દરેક પગથિયાની ઊંચાઇ ૧૯૦ મિલીમીટર (A-2 ઇમારત માટે) અને ૧૫૦ મિલીમીટર (બીજી ઇમારોતો માટે) થી વધુ ન હોવી જોઈએ, અને પગ મૂકવાની જગ્યા ૨૫૦ મિલીમીટર હોવી જોઈએ અને દાદરા દીઠ વધુમાં વધુ ૧૨ પગથિયાની વચ્ચે હોવા જોઈએ.




પગથિયાની ઉપરની બાજુ અને દાદરાની પગ મૂકવાની જગ્યા

રહેણાંક ઇમારતની અંદરની સીડી[11] ઓછામાં ઓછી ૧૨૦ મિનિટની અગ્નિ પ્રતિરોધક રેટિંગવાળી આગ પ્રતિરોધક સામગ્રીથી બનેલી હોવી જોઈએ. ઊંચી ઇમારતોના કિસ્સામાં, A 4 ભોગવટાવાળી કુદરતી રીતે હવાઉજાસવાળી બહાર નીકળવાની સીડીમાં ફાયર ડોરની જોગવાઈ હોવી જરૂરી નથી. જો કે, અન્ય તમામ સીડી અને સાંકડી સીડીને ફાયર ડોરની જોગવાઈ કરવી જોઈએ. કોઈ વિદ્યુત શાફ્ટ / એસી ડક્ટ્સ / ગેસ પાઇપલાઇન્સ દાદરમાંથી પસાર થવી જોઈએ નહીં.




*માળ સૂચક બોર્ડ*

લિફ્ટની આજુબાજુ આંતરિક સીડી રાખવી જોઈએ નહીં. લિફ્ટ સીડી અંદરની તરફ ખુલવી ન જોઈએ.

| ક્રમ | ભોગવટા પેટા વિભાગ | સીડીની પહોળાઇ (મીમી.માં) |
|---|---|---|
| ૧ | A-1, A-3, A-4 | ૧૨૫૦ |
| ૨ | A-2 | ૧૦૦૦ |
| 3 | A-2 (બે માળના રો હાઉસિંગ માટે) | ૭૫૦ |
| ૪ | A-5, A-6 | ૧૫૦૦ |

[11] તે એક સીડી એવી છે જે ઇમારતના પરિસરની અંદર આવેલી છે અને ઇમારતની અંદર લઈ જાય છે.

અંદરની સીડીના માટે, કઠેડો ૯૦ મિલીમીટરથી વધુ ન હોવી જોઈએ. માળ સૂચક બોર્ડ અંદરની સીડીની અંદર ચોંટાડવા જોઈએ, જેનું ઓછામાં ઓછું માપ ૩૦૦ મિલીમીટર X ૨૦૦ મિલીમીટર હોવું જોઈએ. બહારની તમામ સીડી[12] જમીન સાથે જોડાયેલી હોવી જોઈએ.

બહારના દાદરા બિન-જ્વલનશીલ સામગ્રીથી બનેલ હોવા જોઈએ અને દાદરાનો ઉપયોગ કરી શકાય તેવી સ્થિતિમાં રાખવા જોઈએ. બહારનો દાદરો કોઈપણ સંજોગોમાં બંધ/અવરોધિત ન હોવો જોઈએ.

બહારના દાદરાની ફ્લાઇટ ૧૫૦૦ મિલીમીટરથી ઓછી પહોળી ન હોવી જોઈએ.



બહારનો દાદરો *(External Staircase)*

## ઢાળ (Ramps)

ઢાળ એ રહેણાંક ઇમારતની અંદર/બહારના ઢાળવાળી સપાટી છે જે ઉપર સુધી પહોંચવામાં મદદ કરે છે. આ ખાસ કરીને ચાલવાની સમસ્યાઓ ધરાવતા વિકલાંગો માટે અને વ્હીલચેર લાવવા લઇ જવા માટે બનાવવામાં આવે છે.

[12] ઇમારતની બહારના ભાગમાં જતો દાદરો છે અને તે સીધો જ ખુલ્લામાં જાય છે.

રહેણાંક ઇમારતોમાં, ચાલવાની દિશામાં ઢાળની પહોળાઈ ઓછી થવી જોઈએ નહીં અને ઢાળ ૧૨:૧ ઈંચ કરતા વધુ ન હોવો જોઈએ. રેમ્પની સપાટી લપસણી હોવી જોઈએ નહીં અને પાણીનો ભરાવો ઓછોમાં ઓછો થવો જોઈએ. ઢાળ ઉપરથી નીચે તરફ ઢળતો અને ઢાળ પર ખુલતા દરવાજા પર લેન્ડિંગ આવેલું હોવું આવશ્યક છે. ઢાળની બંને બાજુએ કઠેડા હોવા જોઈએ. ઢાળના વધુ માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ ના ભાગ ૩ "વિકાસ નિયંત્રણ નિયમો અને સામાન્ય ભવન આવશ્યકતાઓ" નો સંદર્ભ લેવો.

## ધુમાડા નિયંત્રણ પ્રણાલી (Smoke Control Systems)

રહેણાંક ઇમારતોમાં ધુમાડા નિયંત્રણ એ હવા ચૂસ્ત ઇમારતોમાં રહેનારાઓની જીવનની સલામતીની ખાતરી કરવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ધુમાડાના નિયંત્રણનો હેતુ ઇમારતના રહેવાસીઓની ઇમારતમાં અથવા ઇમારતની બહાર સુરક્ષિત વિસ્તારમાં ભાગી જવા માટે પૂરતો સમય આપવા માટે બંધ જગ્યામાં ધુમાડો ઘટાડવાનો છે. ધુમાડા નિયંત્રણ પ્રણાલી અગ્નિ પ્રભાવિત વિસ્તારમાં ધુમાડો વધવાની માત્રાને ઘટાડવા માટે પણ ડિઝાઇન કરવામાં આવી છે જેવી કે જોખમી વિસ્તારમાંથી આવતા ધુમાડાના સ્તરની ઊંચાઈ રહેનારાઓની અવરજવરને અવરોધે નહીં.

રહેણાંક ઇમારતોમાં, ધુમાડાને નિયંત્રણ કરવા દાબ એક માધ્યમ તરીકે હાંસલ કરી શકાય છે. ખાસ કરીને ઊંચી ઇમારતોમાં બહાર નીકળવાના માર્ગને ધુમાડાથી રક્ષણ માટે દાબ અપનાવવામાં આવે છે. દાબની રીતમાં હવાને દાદરા, પરસાળ વગેરેમાં દાખલ કરવામાં આવે છે, જેથી ઇમારતને અડીને આવેલા ભાગોના દાબ કરતાં ઉપર સહેજ દબાણ વધે. એકવાર ફાયર એલાર્મ પેનલને ડીટેક્શન સીસ્ટમમાંથી સંકેત અથવા કોઈપણ પરિસરમાં લાગેલી આગ અંગે માનવીય સંકેત મળે તો ઇમારતમાં રહેનારાઓ સ્થળાંતર કરી શકે તેની ખાતરી કરવા દબાણ પ્રણાલી ચાલુ કરવામાં આવે છે. ખોલી શકાય એવી બારીઓ માટે કુદરતી રીતે હવાઉજાસવાળી પરસાળ માટે દબાણ પ્રણાલીની જરૂર નથી.

રહેણાંક ઈમારતોમાં, માટેની બીજી પદ્ધતિ એ છે કે ધુમાડો બહાર નીકળવાના માર્ગ, અટારી વગેરેના એક સ્તરમાં એકઠો થતો હોવાથી તેને બહાર કાઢવો. ધુમાડા નિયંત્રણની આ પદ્ધતિમાં, ધુમાડાના નિકાલની માત્રાની ડિઝાઇન ઉત્પન્ન થતા ધુમાડાની માત્રા જેટલી હોવી જોઈએ. હવા લેવાની ડક્ટ ધુમાડાના બહાર નીકળવાની ડક્ટથી પાંચ મીટર દૂર હોવી જોઈએ. ધુમાડા નિકાલ પ્રણાલી આગ/ધુમાડાથી પ્રભાવિત જગ્યામાં ઓછામાં ઓછા ૧૨ એર ચેંજીજ/કલાક જથ્થાના માપની ખાતરી કરવી જોઈએ.

ધુમાડા નિયંત્રણ પદ્ધતિ વિશે વધુ માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ ના ભાગ ૮ "ઇમારત સેવા, એર કંડીશનીંગ, હીટિંગ અને મિકેનિકલ વેન્ટિલેશન" નો સંદર્ભ લેવો.




*સ્ટેરકેસ પ્રેશ્યુરાઇજેશન સિસ્ટમ*




ધુમાડો બહાર કાઢવાની પ્રણાલી *(Smoke Exhaust System)*

## કંપાર્ટમેન્ટેશન

રહેણાંક ઇમારતોમાં, કંપાર્ટમેન્ટેશન એ આગ સલામતી રૂપરેખાનો એક મહત્વનો ઘટક છે જેનો હેતુ મોટી જગ્યાઓને નાના અને સંભાળી શકાય તેવા આગના ખંડોમાં વિભાજિત કરવાનો છે. ફાયર કંપાર્ટમેન્ટેશનનો ઉપયોગ આગની ઘટનામાં ઇમારતમાં રહેનારાઓને માટે બચવાના સલામત, સુરક્ષિત માધ્યમો બનાવવા માટે થાય છે. સામાન્ય રીતે, આ ફાયર કંપાર્ટમેન્ટેશન આગ-પ્રતિરોધક બાંધકામ સામગ્રીથી બનેલા વિભાગોની દિવાલો અને વિભાગોના માળથી એકબીજાથી અલગ પડે છે જે ચોક્કસ સમયગાળા માટે આગ અને ધુમાડાના ફેલાવાને રોકવાનું કામ કરે છે.

બધા માળે દરેક કમ્પાર્ટમેન્ટનું ક્ષેત્રફળ ૭૫૦ ચો.મી. જેટલું હોવું જોઈએ. કમ્પાર્ટમેન્ટેશન ૧૨૦ મિનિટની ફાયર રેટિંગની આગ અવરોધ દિવાલ દ્વારા મેળવવું જોઈએ.



આકૃતિ ૧૭: ઇમારતમાં ફાયર કંપાર્ટમેન્ટ

## ગેસ પુરવઠો

રહેણાંક ઇમારતોમાં, રસોડામાં કુદરતી ગેસ/એલપીજી પહોંચાડવા માટે ગેસ પાઈપલાઈન ગોઠવવામાં આવે છે. ગેસ પાઈપલાઈન હંમેશા ઇમારતના પરિસરમાં અલગ શાફ્ટમાંથી પસાર થવી જોઈએ. ગેસ પાઇપલાઇન શાફ્ટ બહારની દિવાલો પર અને દાદરાથી દૂર હોવી જોઈએ. પાઇપલાઇનની લંબાઈ શક્ય તેટલી ઓછી હોવી જોઈએ. ગેસના જોડાણને બંધ કરવા માટેના ઇમરજન્સી વાલ્વ સુલભ જગ્યાએ હોવો જોઈએ.

કોઈપણ વિદ્યુત શાફ્ટ, બહાર નીકળવાના માર્ગ, આશ્રય વિસ્તાર / આશ્રય માળમાં ગેસ લાઇન્સ ગોઠવવી જોઈએ નહીં.

ગેસ મીટર સારી રીતે હવાઉજાસવાળી જગ્યામાં મજબૂત લોખંડના કબાટમાં રાખવું જોઈએ.

ગેસ પાઇપલાઇન ગોઠવવા વિશે વધુ માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ ના ભાગ ૯ "પ્લમ્બિંગ સેવાઓ, ભાગ ૪ ગેસ સપ્લાય" નો સંદર્ભ લેવો.

## આગની ભાળ અને ચેતવણી પ્રણાલી (Fire Detection and Alarm System)

ઇમારતમાં આગની ભાળ અને ચેતવણી પ્રણાલીનો હેતુ ઇમારતના રહેવાસીઓને આગની પરિસ્થિતિ અંગે વહેલી ચેતવણી અને સૂચના આપવાનો છે. આગની ભાળ અને ચેતવણી પ્રણાલીમાં ધુમાડાની ભાળ, હીટ ડિટેક્ટર, મેન્યુઅલ ચેતવણી કોલ પોઈન્ટો, વિઝયુઅલ અને ઓડિબલ ચેતવણી પ્રણાલી, આગ ચેતવણી પેનલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

ઇમારતમાં આગળની ભાળ અને ચેતવણી પ્રણાલીને ચલાવવા, આગના દરવાજાને પકડી રાખવા, વિઝયુઅલ અને ઓડિબલ ચેતવણી પ્રણાલી વગેરેને આગ ચેતવણી પેનલ સાથે પ્રોગ્રામ કરેલ હોવી જોઈએ. આગની ભાળ અને ચેતવણી પ્રણાલીના તમામ ઘટકો જાળવવા જોઈએ અને સારી સ્થિતિમાં કામ કરતા હોવાની ખાતરી કરવી જોઈએ. A-5 ભોગવટાના, તમામ મુલાકાતી ખંડ અને સ્યુટમાં ઓછામાં ઓછા ૭૫ ડીબીના ધ્વનિ સ્તર ધરાવતા ઓડિયો આધારિત ડિટેક્ટર્સ હોવા જોઈએ.

ઓટોમેટિક આગ ચેતવણી પ્રણાલીવાળી ઇમારતોમાં, નીચેનાનું નિરીક્ષણ કરવું આવશ્યક છે:

- ટાંકીઓમાં પાણીનું સ્તર
- સંબંધિત ઝોનમાં આવેલા પાણીના નળ અને સ્પ્રીરક્લરનું પ્રેશર
- પંપની "ચાલુ/બંધ" સ્થિતિ
- જયાં પણ નિરીક્ષણ સ્વીચ આપવામાં આવી હોય તેવા બધા છૂટાછવાયા વાલ્વ,

ધુમાડા નિયંત્રણ પ્રણાલી વિશે વધુ માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ ના ભાગ ૧૨ "એસેટ અને ફેસિલિટી મેનેજમેન્ટ" અને ભારતીય માનક બ્યુરો ૨૧૮૯ નો સંદર્ભ લેવો.



સ્મોક ડિટેકટર




મેન્યુઅલ કોલ પોઈન્ટ

## આગ સલામતી અધિકારી, આગ અભ્યાસ અને ફાયર ઓર્ડર (Fire Safety Executive, Fire Drills and Fire Orders)

૬૦ મીટરથી વધુ ઉંચાઈવાળી રહેણાંક ઇમારતો અને તમામ તારક હોટેલોમાં, ૩ વર્ષથી ઓછો અનુભવ ન હોય તેવા લાયક આગ સલામતી અધિકારીની નિમણૂંક કરવી જોઇએ. આગ સલામતી અધિકારી નીચેના કાર્યો માટે જવાબદાર છે:

- ઇમારતમાં અગ્નિશામક સાધનોને ચાલુ સ્થિતિમાં રાખવા.
- આગ આદેશો અને આગ સંચાલન યોજવા તૈયાર કરવી અને પ્રચાર કરવો
- રહેવાસીઓને અગ્નિશામક સાધનોના ઉપયોગની તાલીમ આપવી અને તેમને આગ કટોકટી સ્થળાંતર કરાવવાની યોજના વિશે માહિતગાર રાખવા.
- ફાયર બ્રિગેડ સાથે સંપર્ક રાખવો.
- અગ્નિ સાવધાનીના તમામ પગલાંનું હંમેશા અવલોકન કરવું.

આગ અને અન્ય કટોકટીની સ્થિતિમાં આગ સામે લડવાની અને મકાનને ખાલી કરાવવાની જરૂરિયાતોને પૂરી કરવા માટે ફાયર ઓર્ડર/ ફાયર નોટિસો તૈયાર કરવી જોઈએ. કટોકટીના સંજોગોમાં મહત્વના સ્થાનોએ આગની સૂચનાઓ પ્રદર્શિત કરીને અને નિયમિત તાલીમ દ્વારા પણ રહેવાસીઓને તેમની કાર્યવાહીથી સંપૂર્ણ રીતે વાકેફ કરવા જોઈએ.

ઊંચી ઇમારતોની માન્યતાવાળી રહેણાંક ઇમારતો માટે આગ અભ્યાસ અને ખાલી કરાવવાની કાર્યવાહી માર્ગદર્શન માટે NBC ૨૦૧૬ (ભાગ-૪) ના જોડાણ 'ડી' નો સંદર્ભ લેવો.

આગના જોખમને કારણે મૃત્યુ અને અપંગતાનો દર ચિંતાજનક છે. ચાલો સંગઠિત થઈએ અને અગ્નિ સલામતીના ધોરણોનું પાલન કરવાનો સંકલ્પ કરીએ અને આપણા સમાજને બતાવીએ કે અમે કાળજી લઇએ છીએ.

## પ્રકરણ 3: અગ્નિ સલામતીના પગલાં (**Fire Protection Measures**)

આગની કટોકટીની ઘટનામાં ઇમારતના રહેવાસીઓ સુરક્ષિત રહે તે માટે યોગ્ય આગ રક્ષણ પ્રણાલી[13] હોવી જોઇએ. રહેણાંક ઇમારતની ઊંચાઈ, માળની સંખ્યાઅને ક્ષેત્રફળના આધારે, રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ ૪) માં જરૂરી આગ સલામતી પગલાંની વિગતો આપી છે. આગ સલામતી પ્રણાલી વિશે વધુ વિગતો માટે, રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ ૪) ના વિભાગ- ૫ રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ ૪) ના જોડાણ 'ઇ', ભારતીય માનક બ્યુરો IS:૧૫૩૨૫, ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા પગલાં વિનિયમો વાંચવાની સલાહ આપવામાં આવે છે.

રહેણાંક ઇમારતોમાં અગ્નિ સલામતી માટે ધ્યાનમાં લેવા નીચેનાનો સમાવેશ કરી શકાય

### અગ્નિશામકો (Fire Extinguisher)

અગ્નિશામક એ આગ સામે સંરક્ષણની પ્રથમ હરોળમાં આવે છે. સમગ્ર ઇમારત સંકુલમાં અગ્નિશામક ઉપકરણો લગાવવા જોઈએ. અગ્નિશામક ઉપકરણોને અનુકૂળ ઊંચાઈએ ગોઠવવા જોઈએ. અગ્નિશામક ઉપકરણો આગ લાગવાના સંભવિત સંકટ વિસ્તારમાં યોગ્ય અગ્નિશામક એટલે કે વિદ્યુત ઉપકરણની નજીક CO2 પ્રકારના અગ્નિશામક અને પ્રયોગશાળામાં DCP પ્રકારનું અગ્નિશામક ઉપકરણ ગોઠવવું જોઈએ. અગ્નિશામકની પસંદગી, ગોઠવણી અને જાળવણી વિશે વધુ વિગતો માટે IS:૨૧૯૦ નો સંદર્ભ લેવો જોઈએ.




આકૃતિ ૨૦: અગ્નિશામકો (*Fire Extinguishers*)

[13] આગ સલામતી પ્રણાલી આગ લાગે ત્યારે ચાલે થાય છે આ પ્રણાલીમાં આગની અસરોને નિયંત્રિત કરવા માટેના પગલાંઓનો સમાવેશ થાય છે.

## ફસ્ટ એડ હોસ રીલ

રહેણાંક સંકુલમાં ફસ્ટ એડ હોસ રીલ ડાઉન કમર /વેટ રાઈજર સાથે ગોઠવેલ હોવી જોઈએ. ફસ્ટ એડ હોસ રીલ્સ એ શરૂઆતના તબક્કાની આગ માટે સલામતીની પ્રથમ હરોળ છે, જેમા નળી રીલોનો લઘુત્તમ વ્યાસ ૧૯ મીમી કરતા ઓછો હોવો જોઈએ નહીં.



ફસ્ટ એડ હોસ રીલ

## વેટ રાઇઝર

૧૦૦ મિલીમીટરથી ઓછી ન હોય તેવા વ્યાસવાળી ઊભી ફાયર વોટર લાઈન અને દરેક માળ/લેન્ડીંગ પર ફાયર હાઈડ્રન્ટ વાલ્વ દ્વારા મકાનમાં આગ પ્રતિકાર વ્યવસ્થા હોવી જોઈએ. વેટ રાઈઝર કાયમી ધોરણે પાણીથી ભરેલું હોવું જોઇએ. વેટ રાઈઝરને ફાયર વોટર પંપથી ભરવામાં આવે છે. હાઇડ્રેન્ટ પોઈન્ટ માટે ઉપલબ્ધ દબાણ ૩.૫ થી ૭ bar વચ્ચે હોવું જોઈએ. ફાયર હોસને આગની જગ્યાએ પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે હાઇડ્રેન્ટ લેન્ડીંગ વાલ્વ સાથે જોડવો જોઈએ. પ્રશિક્ષિત કર્મચારીઓએ વેટ રાઈઝર સાથે જોડાયેલ ફાયર હોસથી ચલાવવી જોઈએ.




વેટ રાઇઝર

## ડાઉન કમર

ટેરેસ પંપ, ગેટ વાલ્વ અને નોન-રીટર્ન વાલ્વ દ્વારા છતની ટાંકી સાથે જોડાયેલ ડાઉન કમર પાઇપ દ્વારા રહેણાંક સંકુલની અંદર અગ્નિશામકની વ્યવસ્થા છે અને દરેક માળ/ ઉતરવાની જગ્યાએ લેન્ડીગ વાલ્વ સાથે ઓછામાં ઓછા અંદરનો વ્યાસ ૧૦૦ મિલીમીટરનો હોવો જોઇએ. તેને છત પરથી આગ સેવા સાધનોથી પાણી ખેંચીને ભરવા માટે અને અંદર રહેલી હવાને બહાર કાઢવા માટે ભોંયતળિયે ઇનલેટ જોડાણ સાથે પણ જોડેલ હોય છે. હાઇડ્રેન્ટ પોઈન્ટો પાસે ઉપલબ્ધ દબાણ ૩.૫ થી ૭ bar વચ્ચે હોવું જોઈએ. પ્રશિક્ષિત કર્મચારીઓએ વેટ રાઇઝર સાથે જોડી ફાયર હોસ ચલાવવી જોઈએ.




ડાઉન કમર

## મેદાનમાં પાણીના નળ (Yard Hydrant)

રહેણાંક ઇમારતની બહારના મેદાનમાં પાણીના નળનું માળખું ગોઠવવામાં આવે છે. તેને ફાયર વોટર પંપ દ્વારા ભરવામાં આવે છે. તેમાં પાણીનું દબાણ ૭ bar થી વધુ હોવું જોઈએ નહીં. આગની જગ્યાએ પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે હાઇડ્રેન્ટ લેન્ડીંગ વાલ્વ સાથે ફાયર હોસને જોડવું જોઈએ. પ્રશિક્ષિત કર્મચારીઓએ યાર્ડ હાઈડ્રન્ટ સાથે જોડાયેલ ફાયર હોસને ચલાવવી જોઈએ.



મેદાનમાં પાણીના નળ (યાર્ડ હાઈડ્રન્ટ)

## ઓટોમેટિક સ્પ્રિન્કલર પ્રણાલીઃ

ફાયર સ્પ્રિન્કલર સિસ્ટમ એ અગ્નિ સલામતીનો સૌથી મહત્વનો ભાગ છે. યોગ્ય રીતે ડિઝાઇન કરાયેલ અને કાર્યાત્મક ફાયર સ્પ્રિન્કલર સિસ્ટમ ઇમારતના જુદા જુદા ભાગોમાં ફેલાતી આગને અટકાવી શકે છે, જીવનની સલામતીને સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે અને મિલકતને ઓછું નુકસાન કરે છે. સબસ્ટેશન અને ડીઝલ જનરેટર સેટ વિસ્તાર સિવાયના તમામ વિસ્તારોમાં ઓટોમેટિક ફાયર સ્પ્રિન્કલર સિસ્ટમ જોઈએ. સ્પ્રિન્કલર સિસ્ટમમાં દબાણ ૧૨ bar થી વધુ હોવું જોઈએ નહીં. સ્પ્રિન્કલર સીસ્ટમની ફ્લો સ્વીચોને ફાયર અલાર્મ પેનલથી નિયંત્રિત કરવું જોઇએ. સ્પ્રિન્કલરનુ પાણી લીફ્ટ અને ઇલેક્ટ્રિકલ રૂમમાં ન જાય તેની ખાતરી કરવા માટે જોગવાઈ હોવી જોઈએ. ફાયર પંપ રૂમમાં સ્પ્રિન્કલર સીસ્ટમ કન્ટ્રોલ વાલ્વ ગોઠવવો જોઇએ. મહેમાનોના બધા રૂમ અને સ્યુટ વિસ્તૃત થ્રો, ઝડપી પ્રતિભાવ પ્રકારથી સ્પ્રિંકલર વડે સુરક્ષિત હોવા જોઈએ.



ઓટોમેટિક સ્પ્રિન્કલર સીસ્ટમ

## માનવ સંચાલિત ઈલેટ્રોનિક આગ ચેતવણી પ્રણાલી: Manual Operated Electronic Fire Alarm System (MOEFA):

રહેણાંક ઈમારતોમાં ગોઠવેલ MOEFA પ્રણાલીમાં મેન્યુઅલ કોલ પોઈન્ટો, ટોક બેક સીસ્ટમ અને પબ્લિક એડ્રેસ સીસ્ટમનો સમાવેશ થાય છે. MEOFA પ્રણાલીનો હેતુ રહેનારાઓને ચેતવણી આપવાનો છે.

## ઓટોમેટિક ડિટેકશન અને ચેતવણી પ્રણાલી

આ પ્રણાલીમાં રહેણાંક ઈમારતોમાં આગ, ગરમી, ધુમાડો આપમેળે શોધી કાઢવા માટેના ઘટકોનો સમાવેશ થાય છે. ઓટોમેટિક ડિટેકશન અને અલાર્મ સિસ્ટમ ચોવીસ કલાક ચાલુ હોવી જોઈએ. તે ફાયર ડિટેકશન અને વોર્નીંગ સિસ્ટમ યોગ્ય રીતે ડિઝાઇન કરેલ, ગોઠવવી અને જાળવવી થવી જરૂરી છે. અલાર્મ સિસ્ટમ સમગ્ર ઇમારતમાં ધોરણસરની હોવી જોઈએ.

## ભૂગર્ભ ફાયર પાણીની ટાંકી (Underground Static Fire Water Storage Tank)

ફાયર પાણીની ટાંકીમાં આગ બુઝાવવાના હેતુ માટે પાણી ભરવું જોઈએ. ફાયર પાણીની ટાંકી પૂરેપૂરી ભરેલી હોવી જોઈએ અને ચોવીસ કલાકના ધોરણે તેની જાળવણી કરવી જોઈએ. સફાઈ અને જાળવણીની સુવિધા માટે એક સરખા માપની એક બીજા સાથે જોડાયેલ બે અથવા વધુ ભાગોમાં પાણી ભરવું જોઈએ. ફાયર એન્જીનને પાણી સરળતાથી સુલભ હોવુ જોઈએ. ભૂગર્ભ ફાયર પાણીની ટાંકીનું જોડાણ અગ્નિશામક પાણી ખેંચવાના સ્તરથી ૭ મીટરથી વધુ ઊંડુ હોવું જોઈએ નહીં. પાણીની ટાંકીનો સ્લેબ ૪૫ ટન (અથવા લાગુ પડે તે) વાહનોનો ભાર સહન કરવા જેટલો મજબૂત હોવો જોઈએ. પાણીના સંગ્રહને ફાયર બ્રિગેડ કલેક્ટીંગ હેડ અને ફાયર બ્રિગેડ ટેંક ભરવા જોડાણ આપવું જોઈએ.

## સંબંધિત ટાવરોની છત પરની ટાંકી (Terrace Tank over respective towers)

રહેણાંક ટાવર પર રહેલી છતની ટાંકીમાં અગ્નિશમન માટે પાણી ભરી શકાય છે. પાણીની ટાંકીઓ પૂરેપૂરી ભરેલી હોવી જોઈએ અને ચોવીસ કલાકના ધોરણે જાળવણી કરવી જોઈએ. સફાઈ અને જાળવણીની સુવિધા માટે એક સરખા માપની એક બીજા સાથે જોડાયેલ બે અથવા વધુ ભાગોમાં પાણી ભરવું જોઈએ.

## ફાયર વોટર પંપ

જમીન પર ફાયર વોટર પંપ ગ્રાઉન્ડ ફ્લોર પર ગોઠવવો વધુ સારું છે. ફાયર વોટર પંપ રૂમ ગ્રાઉન્ડ લેવલથી સુલભ હોવું જોઈએ. ફાયર વોટર પંપ રૂમ ભોંયરામાં ગોઠવવો જોઈએ નહીં. ફાયર વોટર પંપ હંમેશા ચાલુ સ્થિતિમાં જાળવવો જોઈએ. ફાયર વોટર પંપ ઓરડીને ચારેબાજુ અગ્નિશમન દિવાલથી અલગ રાખવી જોઈએ અને દરવાજાને અગ્નિશમન દરવાજાથી (૧૨૦ મિનિટ) રેટિંગ દ્વારા સુરક્ષિત રાખવા જોઈએ. પંપની ઓરડી સારી રીતે હવા ઉજાસવાળી હોવી જોઈએ અને તેમાં પાણી ભરાય નહીં તેની કાળજી લેવી જોઈએ. ફાયર વોટર પંપ રૂમમાં નેગેટીવ સક્શનની વ્યવસ્થા હોવી જોઈએ નહીં અને સબમર્સિબલ પંપનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ફાયર વોટર પંપના રૂમ તમામ પંપ અને સહાયક વસ્તુઓને રાખવા માટે પૂરતા પ્રમાણમાં મોટો હોવો જોઈએ. ડીઝલ એન્જીન એક્ઝોસ્ટ અવાહક પદાર્થના આવરણ સાથે હોવો જોઈએ અને જમીનના સ્તરે સુરક્ષિત સ્થાન પર હોવો જોઈએ.

## હાઈ વેલોસિટી વોટર સ્પ્રે સિસ્ટમ

ઓટોમેટિક હાઈ વેલોસિટી વોટર સ્પ્રે સિસ્ટમ ભારતીય માનક બ્યુરો IS:૧૫૩૨૫ ની જરૂરિયાતોને અનુરૂપ ટ્રાન્સફોર્મર્સ પર ગોઠવવી જોઈએ.

રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ (ભાગ ૪) કોષ્ટક- ૭ પર આધારિત, રહેણાંક ભોગવટાની ઇમારતો માટે નીચેની આગ સુરક્ષાને લગતી આવશ્યકતાઓ ધ્યાનમાં લેવી જોઈએ:

| ક્રમ | રહેણાંક ઇમારતની ક્ષમતા (નોંધ-૫) | ગોઠવણીનો પ્રકાર | | | | | | | | પાણી પુરવઠો (લિટરમાં) | | પંપની ક્ષમતા (લિટર / મિનિટ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અગ્નિ શામક | ફસ્ટ એડ હોસ રીલ | વેટ રાઈઝર | ડાઉન કમર | યાર્ડ હાઈડ્રન્ટ | ઓટોમેટિક સ્પ્રિંકલર સીસ્ટમ | મેન્યુઅલી ઓપરેટેડ ઇલેક્ટ્રોનિક ફાયર અલાર્મ પ્રણાલી (નોંધ-૧) | ઓટોમેટિક ડિટેક્શન સિસ્ટમ (નોંધ ૨) | ભૂગર્ભ સંગ્રહ ટાંકી | ટેરેસ ટેંક ઓવર રિસ્પેક્ટીવ ટાવર | ભૂગર્ભ સંગ્રહ ટાંકી નજીક પંપ (ખૂબ જ દૂરના સ્થળોએ ઓછામાં ઓછું ૩.૫ bar) | ૩.૫ bar ના મીનીમમ પ્રેશર સાથે ટેરેસ ટેંક પર પંપ |
| (ક) | લોજીંગ/બોર્ડીંગ હાઉસ (A-1) | | | | | | | | | | | | |
| ૧. | ૧૫ મીટરથી ઓછી ઊંચાઇ | | | | | | | | | | | | |
| | (૧) ૧૫ રૂમો સુધી | R | NR | NR | NR | NR | R (નોંધ-3) | NR | NR | NR | (૫000) નોંધ-3 | NR | NR |
| | (૨) ૧૫-30 સુધીના રૂમો | R | R | NR | NR | NR | R (નોંધ-3) | NR | NR | NR | ૫000 (૫000) નોંધ-૪ | NR | ૪૫0 (૪૫0) નોંધ-૪ |
| | (3) 30 થી વધુ રૂમો | R | R | NR | NR | NR | R (નોંધ-3) | R (નોંધ-૧0) | NR | NR | ૧0000 (૫000) નોંધ-૪ | NR | ૪૫0 (૪૫0) નોંધ-૪ |
| ખ. | એક અથવા બે પરિવારના ખાનગી નિવાસો (A-2) | NR | NR | NR | NR | NR | NR | NR | NR | NR | NR | NR | NR |
| ગ. | શયનગૃહ (A-3) અને એપાર્ટમેન્ટ ગૃહો (A-4) | | | | | | | | | | | | |
| ૧. | ૧૫ મીટરથી ઓછી ઊંચાઇ | R | R | NR | NR | NR | R (નોંધ-3) | NR | NR | NR | ૫000 (૫000) નોંધ-૪ | NR | ૪૫0 (૪૫0) નોંધ-૪ |

| ક્રમ | રહેણાંક ઇમારતની ક્ષમતા (નોંધ–૫) | ગોઠવણીનો પ્રકાર | | | | | | | | પાણી પુરવઠો (લિટરમાં) | | પંપની ક્ષમતા (લિટર / મિનિટ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અગ્નિ શામક | ફસ્ટ એડ હોસ રીલ | વેટ રાઈઝર | ડાઉન કમર | યાર્ડ હાઈડ્રન્ટ | ઓટોમેટિક સ્પ્રિંકલર સીસ્ટમ | મેન્યુઅલી ઓપરેટેડ ઇલેક્ટ્રોનિક ફાયર અલાર્મ પ્રણાલી (નોંધ-૧) | ઓટોમેટિક ડિટેકશન સિસ્ટમ (નોંધ ૨) | ભૂગર્ભ સંગ્રહ ટાંકી | ટેરેસ ટેંક ઓવર રિસ્પેકટીવ ટાવર | ભૂગર્ભ સંગ્રહ ટાંકી નજીક પંપ (ખૂબ જ દૂરના સ્થળોએ ઓછામાં ઓછું ૩.૫ bar) | ૩.૫ bar ના મીનીમમ પ્રેશર સાથે ટેરેસ ટેંક પર પંપ |
| ૨. | ૧૫ મીટર અને તેથી વધુ પરંતુ ૩૫ મીટરથી વધુ ઊંચાઈ નહીં | R | R | NR | R | NR | R (નોંધ-૩) | R (નોંધ-૧૨) | NR | NR | ૨૫૦૦૦ | NR | ૯૦૦ |
| ૩. | ૩૫ મીટરથી વધુ પરંતુ ૪૫ મીટરથી વધુ ઊંચાઈ નહીં | R | R | R | NR | NR | R (નોંધ-૩ અને નોંધ-૧૨) | R | NR | ૭૫૦૦૦ | ૫૦૦૦ | (નોંધ-૮) | NR |
| ૪. | ૪૫ મીટરથી વધુ પરંતુ ૬૦ મીટરથી વધુ ઊંચાઈ નહીં | R | R | R | NR | R | R | R | NR | ૧૫૦૦૦૦ | ૧૦૦૦૦ | (નોંધ-૯ | NR |
| ૫. | ૬૦ મીટરથી વધુ ઊંચાઈ | R | R | R | NR | R | R | R | R | ૨૦૦૦૦૦ | ૧૦૦૦૦ | (નોંધ-૧૩ અને નોંધ-૧૪) | NR |
| ઘ. | હોટેલો (A-5) | | | | | | | | | | | | |
| ૧. | ૧૫ મીટરથી ઓછી ઊંચાઇ | | | | | | | | | | | | |
| | ૧. કોઈપણ માળ પર ૩૦૦ ચો.મી. થી વધુ ન હોય | R | R | NR | NR | NR | R (નોંધ-૩) | R | NR | NR | ૫૦૦૦ (૫૦૦૦) (નોંધ-૪) | NR | ૪૫૦ (૪૫૦) નોંધ-૪ |
| | ૨. કોઈપણ માળ પર ૩૦૦ ચો.મી. વધુ પરંતુ ૧૦૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ નહીં | R | R | R (નોંધ-૧૦) | NR | NR | R (નોંધ-૩) | R | R | ૧૦૦૦૦ દરેક ૫૦૦ ચો.મી. ક્ષેત્રફળ માટે ઓછામાં ઓછા ૫૦૦૦૦ ને આધીન (નોંધ ૧૦) | ૧૦૦૦૦ (૫૦૦૦) (નોંધ-૪) | (વેટ રાઈઝરની જોગવાઈના કિસ્સામાં નોંધ ૬) | ૪૫૦ (૪૫૦) નોંધ-૪ |

| ક્રમ | રહેણાંક ઇમારતની ક્ષમતા (નોંધ-૫) | ગોઠવણીનો પ્રકાર | | | | | | | | પાણી પુરવઠો (લિટરમાં) | | પંપની ક્ષમતા (લિટર / મિનિટ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અગ્નિ શામક | ફસ્ટ એડ હોસ રીલ | વેટ રાઈઝર | ડાઉન કમર | યાર્ડ હાઈડ્રન્ટ | ઓટોમેટિક સ્પ્રિકલર સીસ્ટમ | મેન્યુઅલી ઓપરેટેડ ઇલેક્ટ્રોનિક ફાયર અલાર્મ પ્રણાલી (નોંધ-૧) | ઓટોમેટિક ડિટેક્શન સિસ્ટમ (નોંધ ૨) | ભૂગર્ભ સંગ્રહ ટાંકી | ટેરેસ ટેંક ઓવર રિસ્પેક્ટીવ ટાવર | ભૂગર્ભ સંગ્રહ ટાંકી નજીક પંપ (ખૂબ જ દૂરના સ્થળોએ ઓછામાં ઓછું ૩.૫ bar) | ૩.૫ bar ના મીનીમમ પ્રેશર સાથે ટેરેસ ટેંક પર પંપ |
| | ૩. કોઈપણ માળ પર ૧૦૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ | R | R | R (નોંધ-૧૫) | NR | R | R | R (નોંધ-૧) | R | ૧૦૦૦૦૦ (નોંધ-૧૫) | ૧૦૦૦૦ (નોંધ-૩) | (નોંધ-૧૫ અને નોંધ-૬) | NR |
| ૨. | ૧૫ મીટર અને તેથી વધુ પરંતુ ૩૦ મીટરથી વધુ ઊંચાઈ નહીં | R | R | R | NR | R | R | R | R | ૧૫૦૦૦૦ | ૨૦૦૦૦ | (નોંધ-૯) | NR |
| ૩. | ૩૦ મીટરથી વધુ ઊંચાઈ | R | R | R | NR | R | R | R | R | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦ | (નોંધ-૯) | NR |
| ચ. | હોટેલો (A-6) | R | R | R | NR | R | R | R | R | ૨૫૦૦૦૦ | ૨૦૦૦૦ | (નોંધ-૧૩) | NR |

R = જરૂરી

NR = જરૂરી નથી

નોંધોઃ

1. MOEFA માં રહેણાંક ઇમારતો માટે ટોક બેક સિસ્ટમ અને પબ્લિક એડ્રેસ સિસ્ટમનો પણ સમાવેશ કરવો આવશ્યક છે અને (૧) (૩) A-5 હેઠળ, A-3 અને A-4 ભોગવટા સિવાય ૧૫ મીટરથી વધુ ઉંચાઈવાળી તમામ ઇમારતો જ્યાં આ ૨૪ મીટર અને તેથી વધુ ઊંચાઈવાળી ઇમારતો માટે જોગવાઇ કરવી જોઇએ. ૩૦૦ ચો.મી. થી વધુ કાર પાર્કિંગ ક્ષેત્રફળ અને મલ્ટી લેવલ કાર પાર્કિંગ ક્ષેત્રફળમાં પણ તે જ ગોઠવવું જોઇએ.
2. કાર પાર્કિંગ વિસ્તારમાં ઓટોમેટિક ડિટેક્શન અને અલાર્મ સિસ્ટમની જરૂર નથી. જો કે આવી ડિટેક્શન સિસ્ટમ કાર પાર્કિંગના અન્ય વિસ્તારોમાં જેમ કે ઇલેક્ટ્રિકલ રૂમ, કેબિન અને અન્ય વિસ્તારોમાં જરૂરી હોવી જોઈએ.
3. જો ભોંયરાંનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મી. કરતાં વધું હોય, તો ભોંયરામાં ગોઠવવું જરૂરી છે.
4. જો ભોંયરાનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મી. કરતાં વધી જાય તો કૌંસમાં આપેલ વધારાનું મૂલ્ય ઉમેરવું જોઈએ.
5. રહેણાંક ઈમારતની મહત્તમ ઊંચાઈ ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા પગલાં વિનિયમો અનુસાર હોવી જોઈએ.
6. ૧૬૨૦ લિટર/મિનિટની ક્ષમતાના એક ઈલેક્ટ્રિક અને એક ડીઝલ પંપ (અવેજી) અને ૧૮૦ લિટર/મિનિટની ક્ષમતાનો એક ઈલેક્ટ્રિક પંપ ધરાવતા દરેક પંપના જરૂરી સંખ્યાના સેટ આપવા જોઇએ. (નોંધ ૭ પણ જુઓ)
7. દરેક ૧૦૦ હાઇડ્રેન્ટ્સ અથવા તેના ભાગ માટે એક પંપ સેટ અને મહત્તમ બે સેટ હોવા જોઇએ. એક કરતાં વધુ પંપ સેટ ગોઠવવાના કિસ્સામાં, બંને પંપ સેટ તેમના ડિલિવરી હેડર પર એકબીજા સાથે જોડાયેલા હોવા જોઈએ. પંપના વધારાના સેટની જોગવાઈના વિકલ્પ તરીકે, તેટલી જ ક્ષમતાના વધારાના ડીઝલ પંપ આપીને અને પંપના એક સેટ માટે જરૂરી પાણીની ટાંકીની ક્ષમતા બમણી કરીને ઉદ્દેશ્યને પૂર્ણ કરી શકાય છે.
8. ૨૨૮૦ લિટર/મિનિટની ક્ષમતાના એક ઈલેક્ટ્રિક અને એક ડીઝલ પંપ (અવેજી) અને ૧૮૦ લિટર/મિનિટની ક્ષમતાનો એક ઈલેક્ટ્રિક પંપ ધરાવતા દરેક પંપના જરૂરી સંખ્યાના સેટ ગોઠવવા. (નોંધ ૭ પણ જુઓ)
9. ૨૨૮૦ લિટર/મિનિટની ક્ષમતાના બે ઈલેક્ટ્રિક અને એક ડીઝલ પંપ (અવેજી) અને ૧૮૦ લિટર/મિનિટની ક્ષમતાના બે ઈલેક્ટ્રિક પંપ ધરાવતા દરેક પંપના જરૂરી સંખ્યાના સેટ ગોઠવવા. (નોંધ ૭ પણ જુઓ)
10. બે માળથી વધુ (ગ્રાઉન્ડ + વન) માળવાળી ઇમારતો માટે હોવું આવશ્યક છે.
11. સ્પ્રીન્કલરો ભૂગર્ભ સ્થિત પાણીની ટાંકી અને છતની ટાંકી બંનેમાંથી પાણી આપવું જોઇએ.

12. ૧૫ મીટરથી વધુ ઉંચાઈવાળી ઇમારતો માટે આપવું જરૂરી છે.
13. ૨૮૫૦ લિટર/મિનિટની ક્ષમતાના બે ઈલેક્ટ્રિક અને એક ડીઝલ પંપ (સ્ટેન્ડ બાય) અને ૧૮૦ લિટર/મિનિટની ક્ષમતાના બે ઈલેક્ટ્રિક પંપ ધરાવતા દરેક પંપના જરૂરી સંખ્યાના સેટ આપો. (નોંધ ૭ પણ જુઓ).
14. ૬૦ મીટર અથવા તેથી વધુ ઊંચાઈવાળી ઇમારતોમાં નીચેના સ્તરે ઊંચું દબાણ અનુભવવાની શક્યતા છે અને તેથી, મલ્ટિ-સ્ટેજ, મલ્ટિ-આઉટલેટ પંપ (પ્રેશર ઝોન બનાવવું) અથવા વેરિયેબલ ફ્રીક્વન્સી ડ્રાઇવ પંપ અથવા અન્ય કોઈપણ સમકક્ષ વ્યવસ્થાને ધ્યાનમાં લેવાની ભલામણ કરવામાં આવે છે.
15. એક કરતાં વધુ માળની ઇમારતો માટે આપવું આવશ્યક છે.



## રહેણાંક ઇમારતોમાં આગ સલામતી નિરીક્ષણ ચકાસણી યાદી

| ક્રમ | બાબત | હા | ના | લાગું પડતું નથી | નોંધ |
|---|---|---|---|---|---|
| **બહાર જવાના રસ્તા (Exits)** | | | | | |
| ૧ | શું તમામ બહાર નીકળવાના રસ્તા અવરોધો અથવા અડચણ મુક્ત છે? | | | | |
| ૨ | શું તમામ ખુલ્લા છે અને જવાની દિશામાં સરળતાથી ખોલી શકાય છે? | | | | |
| ૩ | શું બહાર નીકળવાના બધા દરવાજા પૂરેપૂરા ખુલી શકે છે? | | | | |
| ૪ | શું બહાર નીકળવાના સંકેતો દ્રશ્યમાન અને પ્રકાશિત છે? | | | | |
| ૫ | શું લાદી / દિવાલોની ખુલ્લી જગ્યા fire stop વસ્તુઓથી બંધ કરેલી છે? | | | | |
| ૬ | શું બહાર નીકળવાના રસ્તા, બહાર નીકળવાની પરસાળ અને નક્કી કરેલ સંગ્રહ રૂમ સિવાયના વિસ્તારોમાં કોઈ જ્વલિશીલ સામગ્રીનો સંગ્રહ કરેલ છે? | | | | |
| **વિદ્યુત સલામતી (Electrical Safety)** | | | | | |
| ૭ | શું ઈલેક્ટ્રિકલ કેબલ અને વાયરિંગમાં અગ્નિ પ્રતિરોધક ગુણધર્મ છે? | | | | |
| ૮ | શું બધી વિદ્યુત પ્રણાલીને જાળવવામાં આવે છે અને ત્યાં કોઈ છૂટું અથવા ખુલ્લું વાયરરિંગ છે? | | | | |
| ૯ | શું વિદ્યુત પ્રણાલીમાં રહેલા પોઇન્ટો ELCB/ RCCB/ GFCI/ MCB છે અને તેનું પરીક્ષણ કરવામાં આવે છે? | | | | |
| ૧૦ | શું ઇમારતમાં મંજૂર થયેલ વિદ્યુત લોડ મુજબનો લોડ ગોઠવેલ છે? | | | | |
| ૧૧ | શું હોટેલમાં રહેલ એર કંડિશનર અને વેન્ટિલેટર જાળવવામાં આવે છે? | | | | |
| **અગ્નિશમન પ્રણાલીઓ: (Fire Fighting Systems)** | | | | | |
| ૧૨ | શું બધી ઈમરજન્સી લાઈટો ઓટો સ્ટાર્ટીંગ મોડમાં છે અને તેમાં લીલો રંગ છે? | | | | |
| ૧૩ | શું તમામ ઈમરજન્સી પાવર સિસ્ટમનું નિયમિત રીતે પરીક્ષણ અને નિરીક્ષણ કરવામાં આવે છે? | | | | |
| ૧૪ | શું અગ્નિશામક ઉપકરણો (Fire Extinguisher) અપેક્ષિત અગ્નિ સંકટ મુજબ ગોઠવેલ છે? | | | | |
| ૧૫ | શું અગ્નિશામક સાધનોની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે? | | | | |
| ૧૬ | શું નિશ્ચિત ફાયર પ્રોટેક્શન સિસ્ટમ (ફાયર પંપ, ડાઉન કમર, વેટ રાઈઝર, હાઈડ્રેન્ટ વાલ્વ, ફસ્ટ એડ હોસ રીલ્સ, ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમ) જાળવવામાં આવે છે અને કામ કરવાની સ્થિતિમાં છે? | | | | |
| ૧૭ | શું અગ્નિશમન પાણીની ટાંકી સમયાંતરે સાફ કરવામાં આવે છે? | | | | |

| ક્રમ | બાબત | હા | ના | લાગું પડતું નથી | નોંધ |
|---|---|---|---|---|---|
| **આગ શોધ પ્રણાલી (Fire detection system)** | | | | | |
| ૧૮ | શું ઇમારતમાં ફાયર ડિટેકશન પ્રણાલી ગોઠવેલ છે અને ચાલુ સ્થિતિમાં છે? | | | | |
| ૧૯ | શું ઇમારતમાં લાગેલી ફાયર ડિટેક્શન સિસ્ટમનું સમયાંતરે પરીક્ષણ અને નિરીક્ષણ કરવામાં આવે છે? | | | | |
| ૨૦ | શું ફાયર અલાર્મ સિસ્ટમ ચાલુ સ્થિતિમાં છે? | | | | |
| ૨૧ | શું ફાયર અલાર્મ સિસ્ટમનું સમયાંતરે તપાસ ખને પરીક્ષણ કરવામાં આવે છે? | | | | |
| **કટોકટીની સજ્જતા (Emergency preparedness)** | | | | | |
| ૨૨ | શું ઇમારતમાં નિયમિત ફાયર ડ્રીલ અભ્યાસ કરવામાં આવે છે? | | | | |
| ૨૩ | શું કોઈ આપત્કાલીન સંચાલન યોજના છે? | | | | |
| ૨૪ | શું રહેણાંક ઇમારતના તમામ વસાહતીઓ અને હોટેલના કર્મચારીઓને અગ્નિશામક સાધનો/ નિશ્ચિત ફાયર પ્રોટેક્શન સિસ્ટમોનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી છે? | | | | |
| ૨૫ | શું રહેણાંક ઇમારતના તમામ વસાહતીઓ અને હોટેલના કર્મચારીઓને કટોકટીની સજ્જતા અંગે તાલીમ આપવામાં આવી છે? | | | | |
| ૨૬ | શું રહેણાંક ઇમારતના તમામ વસાહતીઓ અને હોટેલના કર્મચારીઓ કટોકટી દરમિયાન તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓથી વાકેફ છે? અને શું તેનું દસ્તાવેજીકરણ કરેલ છે? | | | | |
| ૨૭ | શું ઈમારતમાં આપત્કાલીન બચાવ યોજના (Emergency Evacuation Plans) ચોંટાડેલ છે? | | | | |
| ૨૮ | શું ઈમારતમાં આપત્કાલીન બચાવ યોજના (Emergency Evacuation Plans) ચોંટાડેલ છે? | | | | |
| **સામાન્ય મુદ્દાઓ** | | | | | |
| ૨૯ | શું બધા પડદા, પલંગની ચાદર, છત અને દિવાલો સંરક્ષણાત્મક આવરણ અગ્નિશામક સામગ્રીના બનેલા છે? | | | | |
| ૩૦ | શું ઇમારતમાં ફાયર સેફ્ટી એક્ઝિક્યુટિવની નિમણૂંક કરવામાં આવી છે? | | | | |
| ૩૧ | શું હોસ્પિટલ ઇમારતમાં સમયાંતરે ફાયર સેફ્ટી ઓડિટ કરવામાં આવે છે? | | | | |
| ૩૨ | શું અગ્નિશામક વાહનની અવરજવર માટે ઇમારતની આસપાસ પૂરતી જગ્યા છે? | | | | |
| ૩૩ | શું ઇમારતનું FSC (Fire Safety Certificate) મેળવવામા આવેલ છે? | | | | |

## આગ કટોકટી દરમિયાન શું કરવું અને શું ન કરવું

### આટલું કરવું

- ગભરાશો નહીં અને શાંત રહો.
- એલાર્મ વગાડો અને પરિસરમાં દરેકને ચેતવણી આપો
- પહેલા સલામત સ્થળે પહોંચો અને પછી મદદ માટે કૉલ કરો.
- નજીકના ઉપલબ્ધ બહાર નીકળવાના માર્ગનો ઉપયોગ કરો.
- પરિસરમાંથી બહાર નીકળતી વખતે, જો શક્ય હોય તો તમારી પાછળના બધા દરવાજા અને બારીઓ બંધ કરી દો પરંતુ કોઈ પાછળ ન રહે અને તમે સુરક્ષિત છો તેની ખાતરી કરવી.
- ઇમારતમાં આવેલા LPG અને PNG ગેસ કનેક્શનના વાલ્વ બંધ કરવાના સ્થાન જાણો.
- માત્ર બહાર નીકળવાના રસ્તાનો ઉપયોગ કરો કેમ કે તે બહાર નીકળવા માટે બનાવવામાં આવ્યા છે.
- દાદરાનો ઉપયોગ કરો, "લિફ્ટનો ઉપયોગ કરશો નહીં".
- જો તમે રૂમમાં ફસાયેલા હોવ, તો દરવાજો બંધ કરો અને ખુલ્લા ભાગોને બંધ કરો, કારણ કે તેનાથી ધુમાડો અને જ્વાળા અંદર આવી શકે છે.
- બચાવ ટીમ તેમજ અન્ય લોકોનું ધ્યાન ખેંચવા બારીમાંથી બૂમો પાડો
- ધુમાડાની નીચે હંમેશા નીચા સરકીને જાવ અને તમારા મોંને ઢાંકીને રાખવાનો પ્રયાસ કરો.

### આટલું ન કરવું

- આગમાં ક્યારેય ઊભા ન રહો. હંમેશા ધુમાડાની નીચે ઘૂંટણિયાભેર જાવ અને તમારા મોંને ઢાંકીને રાખવાનો પ્રયાસ કરો.
- કોઈપણ કારણસર સળગતી ઈમારતમાં ક્યારેય પાછા ન જાવ.
- બાળકોને શીખવો કે ફાયરમેનથી છુપાવવું નહીં, જો કોઈ ખૂટતું હોય તો ફાયરમેનને જણાવો. તેઓ સુરક્ષિત રીતે બચાવ કામગીરી કરવા માટે સજ્જ છે.
- સ્મોક ચેક ડોરને ખુલ્લા રાખશો નહીં કારણ કે તે બંધ હોય ત્યારે આગ અને ધુમાડાના ફેલાવાને મર્યાદિત કરે છે.
- દાદરા, પરિસર અને પરસાળમા ભીડ થવા દેશો નહી કારણ કે તે તમારા બહાર આવવાના રસ્તા છે.
- આગના કિસ્સામાં ક્યારેય લિફ્ટનો ઉપયોગ કરશો નહીં, હંમેશા દાદરાનો ઉપયોગ કરો.
- બૂમો પાડશો નહીં કે દોડશો નહીં. આ બીજા લોકો માટે ગભરાટનું કારણ બને છે.

## મહત્વના દસ્તાવેજોની લિંક

| ક્રમ | વર્ણન | લિંક |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય ભવન સંહિતા, ૨૦૧૬ | https://gidm.gujarat.gov.in/codes-and-standards-related-fire-safety |
| ૨ | IS ૧૫૬૮૩: પોર્ટેબલ અગ્નિશામક - પ્રદર્શન અને બાંધકામ | |
| ૩ | IS ૨૧૯૦: પ્રાથમિક સારવાર અગ્નિશામક ઉપકરણોની પસંદગી, સ્થાપના અને જાળવણી. | |
| ૪ | IS ૧૫૧૦૫: ફિક્સ્ડ ઓટોમેટિક સ્પ્રિંકલર અગ્નિશામક પ્રણાલીઓની ડિઝાઇન અને સ્થાપના - પ્રેક્ટિસ કોડ | |
| ૫ | IS ૯૪૫૭: સલામતી રંગો અને સલામતી પ્રતીકો - પ્રેક્ટિસ કોડ | |
| ૬ | IS ૧૨૩૪૯: અગ્નિ સુરક્ષા-સુરક્ષા પ્રતીકો | |
| ૭ | IS ૧૨૪૦૭: આગ સુરક્ષા યોજનાઓ માટે ગ્રાફિક પ્રતીકો | |
| ૮ | IS ૧૫૩૨૫: નિશ્ચિત સ્વચાલિત ઉચ્ચ અને મધ્યમ વેગવાળી પાણી સ્પ્રે સિસ્ટમની ડિઝાઇન અને સ્થાપના - પ્રેક્ટિસ કોડ | |
| ૯ | IS ૨૫૫૩: સલામતી કાચ - સામાન્ય હેતુ | |
| ૧૦ | અગ્નિ અભ્યાસ અને નિરીક્ષણ માર્ગદર્શિકા | USER MANUAL AND GUIDES \| GujFireSafetyCoP |

**સ્વયં બચો, બીજાને બચાવો**

**તૈયાર રહો અને સજાગ રહો!**

GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT

BUILDING RESILIENCE




ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ

કોબા-ગાંધીનગર રોડ, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી પાછળ,

ગામ – રાયસણ. ગાંધીનગર-૩૮૨૦૦૭. ગુજરાત, ભારત.

Ph. (079) 23275804 to 25 | Fax: (079) 23275814

Email: info-gidm@gujarat.gov.in | Website: www.gidm.gujarat.gov.in